Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | |
|---|---|---|
| ૧. | અધ્યાત્મ ભાવના ( સ. કર્પૂરવિજયજી મહારાજ ) ... ... | ૨૬૭ |
| ૨. | જૈન દર્શનના પદાર્થો–તત્ત્વોની પ્રથમ ભૂમિકા ( આત્મવલ્લભ ) | ૨૬૯ |
| ૩. | સદાચારનો ભંડાર ( સ. કર્પૂરવિજયજી મહારાજ ) ... | ૨૭૨ |
| ૪. | આત્માની શોધમાં. ( લે૦ ચોકસી ) ... ... ... | ૨૭૩ |
| ૫. | વિદ્યાનો ખરો અર્થ ( અ૦ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ... | ૨૭૫ |
| ૬. | મારવાડની યાત્રા. (મુનિ શ્રી ન્યાયવિજયજી) ... ... | ૨૭૭ |
| ૭. | પવિત્ર જીવનનું રહસ્ય. ( અનુ૦ અભ્યાસી ) .. ... ... | ૨૮૧ |
| ૮. | સુભાષિત મૌક્તિકમાલા ( રાજપાળ મ. વ્હોરા ) ... ... | ૨૮૬ |
| ૯. | ચર્ચાપત્ર તથા સંવત્સરીને અંગે એક જરૂરી ખુલાસો ( વિજયવલ્લભસૂરિ ) ... | ૨૮૯ |



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ બે થી દશ પર્વો ) પ્રત તથા બુકાકારે.
૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )
૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

જલદી મંગાવો. તૈયાર છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી
# આત્માનન્દ પ્રકાશ.


| | | |
|---|---|---|
| पुस्तक- ३४ | वीर सं. २४६२-६३ आत्म सं. ४१-४२<br>विक्रम सं १९९२-९३ | अंक- १ थी १२. |


सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्म ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય-થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચક.

: પ્રગટકર્તા :

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૦-૦ ટપાલ ખર્ચ રૂા. ૦-૪-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા


| નંબર. | વિષય. | લેખક. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ | પ્રભુ પ્રાર્થના. ( કાવ્ય ) | .... | ૧. |
| ૨ | માન સરોવરનો હંસ. | ( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૨. |
| ૩ | નૂતન વર્ષનું મંગળમય વિધાન. | .... | ૩. |
| ૪ | સમ્યગ્ જ્ઞાનની કુંચી. | | ૮, ૨૭, ૫૦, ૭૬, ૯૯, ૧૨૭, ૧૪૮, ૧૭૮, ૨૦૦, ૨૨૭, ૨૪૬. |
| ૫ | શત્રુંજયના પવિત્ર ધામમાં. | રા. ચોકસી. | ૧૧. |
| ૬ | " કામ "નું બળવત્તરપણું અને શીલ સુગંધ. | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) | ૧૩. |
| ૭ | ધાર્મિક ઉદારતા. | ( રા. પૂર્ણચંદ્રજી ન્હાર ) | ૧૭, ૨૯. |
| ૮ | પાંચ સકાર | ( રા. વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૨૧, ૬૪, ૯૨, ૧૦૨, ૧૫૮. |
| ૯ | અપરાધ ક્ષમા સ્તવન. | ( આ. શ્રી. અજિતસાગર સૂરિજી ) | ૨૫. |
| ૧૦ | આત્માની શોધમાં. | ( રા. ચોકસી ) | ૩૩, ૬૦, ૮૮, ૧૧૮, ૧૬૮, ૧૯૦, ૨૧૧, ૨૩૬, ૨૬૧, ૨૭૩. |
| ૧૧ | જૈન દર્શનની દ્રષ્ટિએ મનનું સ્વરૂપ. | ( વલ્લભદાસ ગાંધી ) | ૩૫. |
| ૧૨ | સુભાષિત પદ સંગ્રહ | ( સ. કર્પૂર વિ૦ મહારાજ ) | ૩૭, ૫૪, ૮૦, ૧૦૪, ૧૪૦. |
| ૧૩ | મારવાડની યાત્રા. | ( મુનિ શ્રી ન્યાયવિજયજી ) | ૪૧, ૧૧૩, ૧૬૪, ૨૪૧, ૨૫૬, ૨૭૭. |
| ૧૪ | સ્વીકાર અને સમાલોચના. | | ૪૬, ૭૧, ૯૫, ૧૪૬, ૧૯૪, ૨૧૪. |
| ૧૫ | વીર પ્રણામ. ( કાવ્ય ) | ( શાહ બાબુલાલ પાનાચંદ ) | ૪૯. |
| ૧૬ | સિદ્ધ પરમાત્માને બીરાજવાનું સ્થાન કયું ? | ( સં. વલ્લભદાસ ) | ૫૩. |
| ૧૭ | પર્વતિથિની સ્પષ્ટતા. | ( મુનિ શ્રી વિકાસવિજયજી ) | ૬૩. |
| ૧૮ | વર્તમાન સમાચાર. | | ૬૭, ૧૪૭, ૧૭૧, ૧૯૫, ૨૧૬, ૨૬૩. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૯ પ્રાર્થના. ( કાવ્ય ) ( સ૦ કર્પૂરવિજયજી મહારાજ ) ૭૩.
૨૦ દ્રવ્યભાવ શ્રી શત્રુંજય. ( ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા ) ૭૪.
૨૧ વીરત્વ કયું સાચું ? ( સંપાદક વલ્લભદાસ ગાંધી ) ૭૮.
૨૨ ચર્ચાપત્ર. ( A. G. ) ૮૪, ૯૪.
૨૩ આવતી ચોવીશીના તીર્થંકરોનું વર્ણન.
( વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી ) ૮૫.
૨૪ અધ્યાત્મયોગી મહાત્મા.
આનંદઘનજી મહારાજ. ( રાજપાળ મ. વ્હોરા ) ૮૬.
૨૫ ભવનાટક મેં ભજવ્યું, ભજવ્યું. ( જેચંદ કાળીદાસ મ્હેતા ) ૯૭.
૨૬ જીવનમાં જરૂરી ચર્વણ. ( રાજપાળ મ. વ્હોરા ) ૧૦૬.
૨૭ સરસ્વતી દેવીના હાથમાં વીણા કેમ ?
( પ્રભુદાસ બેચરદાસ પારેખ ) ૧૦૮.
૨૮ ઋષભ પંચાશિકા. ( ભગવાનદાસ મ. મહેતા ) ૧૧૦, ૧૨૩,
૧૭૩, ૧૯૭, ૨૨૧.
૨૯ આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક
સમિતિની સામાન્ય સભાનો હેવાલ. .... ૧૧૬.
૩૦ પંન્યાસ શ્રી સંપતવિજયજીમહારાજનો સ્વર્ગવાસ. .... ૧૨૧.
૩૧ કોનો વાંક ? ( રા. ચોકસી ) ૧૨૯.
૩૨ વૈરાગ્ય પ્રાપ્તિના સાધનો. ( અનુવાદક અભ્યાસી ) ૧૩૬.
૩૩ સત્સંગના લાભો. ( રાજપાળ મ. વ્હોરા ) ૧૪૫.
૩૪ મહાવીર સ્તુતિ. ( કાવ્ય ) ( છોટમ અ. ત્રિવેદી ) ૧૪૭, ૧૭૧.
૩૫ અનેકાંતવાદનું સ્વરૂપ. (સ૦ કર્પૂરવિજયજી મહારાજ) ૧૫૧, ૧૮૦.
૩૬ જિનેશ્વર ભગવાનની પ્રતિમા માટે શાસ્ત્રાધારો.
( સંપાદક વલ્લભદાસ ગાંધી ) ૧૫૬.
૩૭ સાચી હોલિકા ( કાવ્ય ) ( ચંદ્ર ) ૧૭૨.
૩૮ શરણ પ્રત્તિપતિરૂપ પ્રકાશ. ( સ૦ કર્પૂરવિજયજી મહારાજ ) ૧૮૩.
૩૯ રાણકપુર તીર્થનો ટુંક
ઈતિહાસ. ( મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ ) ૧૮૨.
૪૦ પ્રાર્થના. ( કાવ્ય ) ( છોટમ અ. ત્રિવેદી ) ૧૯૫.
૪૧ જગત્કર્તા વિષે વિવિધ
મતોનું પદ્ય. ( મુનિ રંગવિજયજી ) ૧૯૬.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૪૨ અર્હન્તો ભગવંત ઇંદ્રમહિતા
પદ્યના કર્તા કોણ ? ( મુનિશ્રી હિમાંશુવિજયજી ) ૨૦૨.
૪૩ વીરધર્મ પ્રાપ્ત કરવાની કળા–
કુનેહ–ડહાપણ. ( સદ્‌૦ કર્પુર વિજયજી મહારાજ ) ૨૦૪.
૪૪ આત્મ કલ્યાણ સાધના. ( વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ ) ૨૦૭.
૪૫ ઉઠોને મારા વીર આતમરામ ! ( કાવ્ય ) ( ચંદ્ર ) ૨૨૦.
૪૬ વિરોધાભાસપરિહાર–પ્રકાશ ( સ. કર્પૂરવિજયજી મહારાજ ) ૨૨૪.
૪૭ કર્મતત્ત્વ વિષયક શાસ્ત્રો–ગ્રંથો. ( સં. વલ્લભદાસ ગાંધી ) ૨૩૦.
૪૮ પર્યુષણ પર્વ કઇ તિથિએ
શરૂ કરવા ? ( આ. શ્રી. વિજયવલ્લભસૂરીશ્વરજી ) ૨૩૯.
૪૯ મુનિશ્રી હિમાંશુવિજયજીનો સ્વર્ગવાસ. .... ૨૪૨.
૫૦ યાચના ( કાવ્ય ) ( છોટમ અ. ત્રિવેદી ) .... ૨૪૩
૫૧ શ્રી વિજયાનંદ સૂરીશ્વર સ્તુત્યષ્ટકમ. .... ૨૪૪.
૫૨ પવિત્ર જીવનનું રહસ્ય. ( અનુ૦ અભ્યાસી ) ૨૪૮, ૨૮૧,
૫૩ પ્રતિપક્ષ–નિરાસ પ્રકાશ. ( સ. કર્પૂરવિજયજી મહારાજ ) ૨૫૨.
૫૪ શ્રી પર્યુષણ પર્વ સંબંધી નિર્ણય.
( આ. શ્રી. વિજયવલ્લભસૂરીશ્વરજી ) ૨૫૯.
૫૫ અધ્યાત્મ ભાવના (પદ્ય). ( સ. કર્પૂર વિજયજી મહારાજ ) ૨૬૭.
૫૬ જૈન દર્શનના તત્ત્વોની
પ્રથમ ભૂમિકા. ( આત્મવલ્લભ ) ૨૬૯.
૫૭ સદાચારનો ભંડાર. ( સ. કર્પૂર વિજયજી મહારાજ ) ૨૭૨.
૫૮ વિદ્યાનો ખરો અર્થ. ( અ. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૨૭૫.
૫૯ સુભાષિત મૌક્તિક માલા ( રાજપાળ મ. વ્હોરા ) ૨૮૬.
૬૦ ચર્ચાપત્ર .... .... .... .... .... ૨૮૯.
૬૧ સંવત્સરીના અંગે એક જરૂરી ખુલાસો ....
( આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ ) ૨૮૯.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्म ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય-થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६३. आषाड. आत्म सं. ४२. { अंक १२ मो.

## અધ્યાત્મ ભાવના.

( સંગ્રાહક સદ્ગુણાનુરાગી કર્પૂરવિ૦ )

આતમ સાખે ધર્મ જે, ત્યાં જનનું શું કામ ?
જન-મન-રંજન ધર્મનું, મૂલ ન એક બદામ. ૧

માણુસ હોણા મુશ્કીલ હૈ, તો [1]સાધ કિહાંસે હોય ?
સાધુ હુવા તબ સિદ્ધ ભયા, કહેણી ન રહી કોય. ૨

સાધુ ભયા તો કયા હુઆ ?, ન ગયા મનકા દ્વેષ,
સમતા શું ચિત્ત લાયકે, અંતરદષ્ટિ દેખ. ૩

ચેતન કું [2]પરચ્યો નહીં, કયા હુવા વ્રત ધાર ?
શાલ વિહુણા ખેતમેં, વૃથા બનાઈ વાડ. ૪

૧ સાધુ. ૨ ઓળખ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સો કહીએ સો પૂછીયે, તા મેં ધરીયે રંગ,
યાતે મિટે[3] અબોધતા, બોધરૂપ વહે ચંગ. ૫
બહિરાતમ તજ આતમા, અંતર આતમ રૂપ,
પરમાતમકું ધ્યાવતાં, પ્રગટે સિદ્ધસ્વરૂપ. ૬
સિદ્ધસ્વરૂપી આતમા, સમતા રસ ભરપૂર,
અંતરદ્રષ્ટિ વિચારતાં, પ્રગટે આતમ રૂપ. ૭
અંતર મેલ સબ ઉપશમે, પ્રગટે શુદ્ધ સ્વભાવ,
અવ્યાબાધ સુખ ઉપજે, કરી કર્મ અભાવ. ૮
સંતોષી તે સદા સુખી, સદા સુધારસ લીન,
ઇન્દ્રાદિક તસ આગળે, દીસે દુઃખીયા દીન. ૯
તે સુખની ઈચ્છા કરો તો, મૂકો પુદ્ગલ સંગ,
અલ્પ સુખને કારણે, દુઃખ ભોગવે પ્રસંગ. ૧૦
ભાવાતમસેં દેખીએ, કર્મ-મર્મકો નાશ,
જો કરૂણા ભગવંતકી, ભાવે ભાવ ઉદાસ. ૧૧
પરમ અધ્યાત્મ તે લખે, સદ્ગુરૂકેરે સંગ,
તિણકું ભવ સફળો હોવે, અવિહડ પ્રગટે રંગ. ૧૨
ધર્મધ્યાનકો હેતુ યહ, શિવસાધનકે ખેત,
એવો અવસર કબ મિલે ,ચેત શકે તો ચેત. ૧૩
કર્મ રોગ ઔષધ સમી, જ્ઞાન-સુધારસ વૃષ્ટિ,
શિવસુખ અમૃત સરોવરે, જય જય સમ્યગ્દષ્ટિ. ૧૪
જ્ઞાન-વૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ,
અમર અગમ પદ ફળ લહો, જિનવર પદ અનુકૂળ. ૧૫
[4]અંતરગત જાણ્યા વિના, જે પહેરે મુનિવેશ,
શુદ્ધ ક્રિયા તસ નવિ હોવે, ઈમ જાણી ધરો નેશ. ૧૬
અંતરગતની વાતડી, નવિ જાણે મતિ અંધ,
કેવળ લિંગધારીતણો, ન કરો નેહ પ્રસંગ. ૧૭

૩ અજ્ઞાન. ૪ આત્મસ્વરૂપ.

**સાર**—નિજ સ્વરૂપ જે ક્રિયા સાધે, તેહ અધ્યાત્મ કહીયે રે–જે શુદ્ધ કરણી કેવળ આત્મશુદ્ધિ માટે જ કરાય તે અધ્યાત્મ, તેથી બેડો પાર. તે વગર ચાર ગતિમાં ગોથા ખાવાનાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન દર્શનના પદાર્થોની પ્રથમ ભૂમિકા.

કોઇ પણ દર્શનનું સ્વરૂપ જણાવતાં તેના તત્ત્વો–પદાર્થોનું જ સ્વરૂપ પ્રથમ બતાવવામાં આવે છે. બીજા દર્શને કરતાં જૈન દર્શનમાં પદાર્થોનું જે સ્વરૂપ આપવામાં આવેલું છે તે ઘણું જ સૂક્ષ્મ, પ્રમાણિક અને પૂર્ણ સત્ય છે, કારણ કે કેવળજ્ઞાનની દૃષ્ટિએ તે સ્વરૂપ જણાવવામાં આવેલ છે. જૈન–દર્શનમાં બે, સાત અને નવ પદાર્થો જણાવેલ છે. **જીવ અને અજીવ** (૨) **જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ** એમ સાત **પુણ્ય, પાપ,** એ બે ઉમેરતાં નવની સંખ્યા પણ છે જેને પ્રચલિત નવતત્ત્વ કહેવામાં આવે છે. નવે તત્ત્વોમાં વિચાર કરનાર જીવ હોવાથી પ્રથમ સ્થાન તેને આપવામાં આવ્યું છે. મુક્તિ અને સાંસારિક પ્રવૃત્તિનો વિધાતા પણ તે જ છે. હવે તેની ગતિ, સ્થિતિ, અવગાહના વગેરેમાં ઉપકારક અજીવ પદાર્થો હોવા : તેની પછી બીજું તત્ત્વ તેને ગણવામાં આવ્યું છે. ખરી રીતે જગતમાં આ બે વસ્તુઓ જ છે. કર્મમળ સહિત જીવ અને તેને વળગેલ અજીવરૂપ કર્મ બંધ થતો હોવાથી. તેનાથી થતી ગતિ આગતિ તે સંસાર છે, અને તે થવાના આશ્રવ અને બંધ એ બે મુખ્ય હેતુઓ હોવાથી તેમ જ આશ્રવ હોય તો જ બંધ થતો હોવાથી ત્રીજું અને ચોથું તત્ત્વ તેને ગણવામાં આવેલ છે. આશ્રવ અને બંધના (કુદરતના નિયમ પ્રમાણે બીજાને હોય છે તેમ આના પણ) પ્રતિપક્ષીરૂપ સંવર અને નિર્જરા છે. અને કર્મની સંપૂર્ણ નિર્જરા થતાં આત્માનો મોક્ષ થાય છે જેથી છેવટે સાતમું સ્થાન મોક્ષને આપવામાં આવેલ છે.

મોક્ષ પ્રાપ્તિ માટે સંવર અને નિર્જરા એ અંતર કારણો હોવાથી મોક્ષની પહેલાં બંનેને અનુક્રમે તત્ત્વ ગણાવેલા છે.

જીવોને સુખ ભોગવવામાં હેતુરૂપ શુભ અધ્યવસાયવડે બંધાયેલ શુભ કર્મ તે દ્રવ્ય પુણ્ય અને કર્મને ઉત્પન્ન કરનારો આત્માનો તે પરિણામ તે ભાવ પુણ્ય છે. તેવી જ રીતે દુઃખ ભોગવવાના હેતુરૂપ અશુભ અધ્યવસાય તે દ્રવ્ય પાપ અને અશુભ કર્મને ઉત્પન્ન કરનારો અશુભ પરિણામ તે (ભાવ) પાપ છે. તે મળી નવ તત્ત્વો કહેવાય છે; પુણ્ય, પાપનો આશ્રવ બંધમાં સમાવેશ પણ થતો કહેવામાં આવે છે. કર્મનું આગમન જેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્રવ કહેવામાં આવે છે, અને સંસારી જીવો સાથે મળી જવું તેને બંધ કહેવાય છે, તેમાં તેનો સમાવેશ આ રીતે થતો હોવાથી સાત તત્ત્વો પણ કહેવાય છે. જગતમાં આ બે સિવાય કોઇ પદાર્થો છે નહિં. જીવો અને અજીવો પૃથક્ રહેતાં જ નથી. જો પૃથક્ રહેતા હોય તો પછી કોઇપણ વસ્તુની સૃષ્ટિમાં અપેક્ષા જ રહેતી નથી. સંસારી જીવ અનાદિ કાળથી કર્મથી (અજીવથી) બંધાયેલો છે, અને તેનો સંબંધ થવાનું કારણ આશ્રવ, તેનો સંબંધ તે બંધ, તેને રોકવું તે સંવર તેના સંબંધનો એકદેશીય કે તદ્દન નાશ તે નિર્જરા અને મોક્ષ. આનો જો બરાબર વિચાર કરવામાં આવે તો દુનિયામાં અન્ય પદાર્થો છે જ નહિં તેમ જણાશે.

જગતમાં જીવ અને અજીવ બે જ પદાર્થો હોવા છતાં તેનો સ્પષ્ટ બોધ થાય તેટલા માટે જ્ઞાની પુરુષોએ સાત અથવા નવ પદાર્થોનું પણ નિરૂપણ કરેલ છે.

હવે જીવ અને અજીવમાં બધાનો સમાવેશ એ રીતે થાય છે કે આશ્રવ તે શુભાશુભ કર્મોને આવવાના કારણરૂપ આત્માનો પરિણામ વિશેષ છે. પરિણામ અને પરિણામીને અભિન્ન માનતાં તેનો તેમાં અંતરભાવ થાય છે. કાર્યનો કારણનો ઉપચાર માનતાં તેનો અજીવ તત્ત્વમાં પણ સમાવેશ થાય છે. કર્મ પરમાણુનું આત્મપ્રદેશો સાથે ક્ષીરનીરની પેઠે મળી જતાં જે આત્માનો પરિણામ કારણરૂપ છે તે જ બંધ તત્ત્વ છે. આ પરિણામને પરિણામીથી જુદો માનવામાં ન આવે તો બંધતત્ત્વ ચેતનરૂપ છે. અને તેનો ઉપર પ્રમાણે ઉપચાર કરી વિચારવામાં આવે તો તેનો અજીવ પદાર્થમાં સમાવેશ થાય છે. આ રીતે નિર્જરા માટે પણ સમજવું, કર્મ પરમાણુઓને ખંખેરી નાખવાના કારણરૂપ આત્માનો જે પરિણામ તે જ નિર્જરા છે અને તેને પરિણામ અને પરિણામી ને જુદા નહિં માનતાં તેનો જીવ તત્ત્વમાં સમાવેશ થાય છે અને ઉપર પ્રમાણે વિચારતાં અજીવમાં પણ તેનો સમાવેશ થાય છે.

નિર્જરા એ કર્મનું અમુક અંશી એકદેશીય જર્જરિત કરવાપણું છે, જ્યારે સમસ્ત પ્રકારે સર્વ અંશે ખંખેરી નાંખવા તે મોક્ષ છે એટલે તેનો પણ ઉપર પ્રમાણે વિચાર કરતાં જીવ અને અજીવ તત્ત્વમાં સમાવેશ થાય છે. જીવને શુભ કર્મનો બંધ થતાં ભવિષ્યમાં ઉદયકાળે સુખ વૈભવ વગેરે મળે તે પુણ્ય અને અશુભ કર્મનો બંધ થતાં ભાવિમાં ઉદયકાળે દુઃખ, અશાતા, વ્યાધિ વગેરે પ્રાપ્ત થાય તે પાપ છે. આના પણ ચાર પ્રકારો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧ પુણ્યાનુબંધીપુણ્ય, પાપાનુબંધીપુણ્ય, પુણ્યાનુબંધીપાપ અને પાપાનુબંધી પાપ.

જે પુણ્ય ભોગવતાં નવું પુણ્ય ઉપાર્જન થાય ને પછી પણ ભવિષ્યમાં સુખ થાય તે **પુણ્યાનુબંધી પુણ્ય** છે. પુણ્ય ભોગવતાં નવું પુણ્ય ન ઉપાર્જન થતાં પાપ ઉપાર્જન થાય તે પાપાનુબંધી પુણ્ય છે. તેના ઉદયમાં સુખ પણ ભવિષ્યમાં દુઃખ આવી પડે છે. પ્રથમ પ્રકાર ઉપાદેય છે; જ્યારે બીજો પ્રકાર ત્યાજ્ય છે.

પાપનું ફળ ભોગવતાં શુભ અધ્યવસાયને લઇને નવીન પુણ્ય ઉપાર્જન કરવું તે પુણ્યાનુબંધી પાપ છે અને પાપનું ફળ ભોગવતાં અશુભ અધ્યવસાયને લઇને નવીન પાપ ઉપાર્જન કરવું તે પાપાનુબંધી પાપ છે. જે ત્રીજો પ્રકાર ઉપાદેય અને ચોથો પ્રકાર હેય છે. આ રીતે પુણ્ય પાપનો બંધ, તેનો ઉદય, શુભ અશુભ અધ્યવસાય, તેનું ફળ એ સર્વ વિચારતાં લોકો પરિણામ જોઈ બોલે છે " કે ભાઈ ધર્મીને ઘેર ધાડ છે અને ધર્મીને ત્યાં દુઃખ છે " તેનું કારણ ઉપર પ્રમાણે સમજનારને ખરૂં ભાન થાય છે. ધર્મ અધર્મનો વિવેક ભૂલી જનારા મનુષ્યો તેમ માને છે. સુખ છે અને મળશે, સુખ છે અને દુઃખ મળશે દુઃખ છે અને સુખ મળશે અને દુઃખ છે અને દુઃખ મળશે, એ ચાર પ્રકારો છે, માટે ઉપાર્જન કરેલ પુણ્ય પાપનું ફળ ક્રમ પ્રમાણે શુભ અશુભ મળ્યા જ કરે છે, માટે ધર્મી મનુષ્યોએ–સુખના અભિલાષીઓએ સુખ પ્રાપ્ત થતાં ભાવિકાળ માટે સુખ પ્રાપ્ત કરવા પુણ્ય ઉપાર્જન કરવું જોઇએ. પાપનું ફળ ભોગવતાં પ્રાણીએ શુભ અધ્યવસાયવડે ભાવી માટે પુણ્ય ઉપાર્જન કરવું. તે રીતે ઉત્તરોત્તર આશ્રવ અને બંધમાં સમાવેશ થતાં આ પુણ્ય પાપને, સંવર અને નિર્જરા-અંશથી અને છેવટે સર્વથી દૂર કરી મોક્ષ પ્રાપ્ત કરવું તે પ્રાણીમાત્રને મુખ્ય સાધ્યપ્રધાન લક્ષ્યબિંદુ છે. આ સાત કે નવ તત્ત્વોનું જ્ઞાન પણ આત્માનું લક્ષબિન્દુ મોક્ષ પ્રાપ્ત કરવા મેળવવાનું છે. જૈન દર્શનમાં નવ તત્ત્વોનું સ્વરૂપ ઘણા જ વિસ્તારથી આપવામાં આવેલ છે તેનું સંક્ષિપ્ત સ્વરૂપ પણ જાણવું તે પણ જરૂરી છે, જેથી સામાન્ય રીતે તેનો સરળ ટૂંકો ભાવાર્થ માત્ર ભૂમિકારૂપે આ લેખમાં આપવામાં આવેલ છે. જૈન-શાળાઓમાં પ્રથમ ભૂમિમાં પ્રવેશ બરાબર કરાવવામાં આવે તો આગળ તેનું સૂક્ષ્મ સ્વરૂપ સમજવું સહેલું થઈ પડે છે. શિક્ષણના, નીતિના, ક્રિયાચારના,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદાચારનો ભંડાર

સદ્‌ગુણોને સૌ કોઇ ઇચ્છે છે, સૌને સજ્જન થવું ગમે છે, પરંતુ સદ્‌ગુણોની શોધ કરી સાધના કરવાની તીવ્ર ઇચ્છા તીવ્ર તમન્ના બહુ વિરલ જનોમાં જ સાંપડે છે. સદ્‌ગુણોનો માર્ગ સહેલો નથી તેમ સુપ્રાપ્ય પણ નથી. સદ્‌ગુણોનો માર્ગ તો દુર્લભ તેમજ દુઃશકય (છતાં જરૂર કાળજીપૂર્વક સમજીને સેવન કરવા યોગ્ય છે તે આ રીતે) માનસિક વૃત્તિના દુરાગ્રહો, હઠાગ્રહો અને માન્યતાઓને બદલાવી, તેને મન, વાણી અને કાયાનો સંયમ કરી ત્યાગમાર્ગ જેવા વિકટ પંથે વાળી દેવી, તે કાર્ય મૃત્યુદ્વારે પહોંચેલા માનવીના, સંકટ કરતાં પણ આકરૂં સંકટ છે. તે સદ્‌વર્તનની આરાધના કરનારને શક્તિ હોવા છતાં પળેપળે ક્ષમા રાખવી પડે છે. જ્ઞાન, બળ, અધિકાર અને ઉચ્ચ ગુણો હોવા છતાં સામાન્ય જનો પ્રત્યે પણ સમાનતા અને નમ્રતા ધારવી પડે છે, વૈરીને વલ્લભ ગણવા પડે છે. અન્યના દુર્ગુણોની ઉપેક્ષા કરવી પડે છે. સેંકડો સેવકો હાજર હોવા છતાં સ્વાવલંબી અને સંયમી બનવું પડે છે. સેંકડો પ્રલોભનોના સરળ દેખાતા માર્ગ પર મીટ ન માંડતાં ત્યાગની સાંકડી અને ગહન કેડીમાં ગમન કરવું પડે છે. આ બધું સ્નેહભર્યા હૃદયે અને ઉછરંગે સહન કરી, ઉત્સાહપૂર્વક આગળ વધ્યે જાય તે સદ્‌ગુણોનો સંગ્રહ સાચવી શકે છે, પચાવી શકે છે અને તેનું સત્ત્વ ચૂસી શકે છે.

આવા સદાચારી સાધુને કયાં કયાં અને કેવી રીતે જાગૃત રહેવાનું હોય છે તે માનસિક, કાયિક અને વાચિક એમ સંયમના ત્રણે અંગોના ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુઓથી આપેલી સળંગ વિચારણા આ અધ્યયનમાં આપેલી છે કે જે સાધકના જીવન માટે અમૃત સમાન પ્રાણ પૂરે છે. **ઈતિશમ્** —(સંગ્રહિત)

---

તત્ત્વજ્ઞાનના વિષયોની પ્રથમ ભૂમિકા બાળકોના મગજમાં સચોટ સુંદર અને સરળ રીતે સમજાવવામાં આવે તો શિક્ષણશાળાઓનો ઉદ્દેશ બરોબર સચવાયો કહેવાય. તેમ થવાની જરૂર વર્તમાનકાળ માંગે છે. (**સં–આત્મવલ્લભ**)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં.

લે૦ સમન્વય

વિનયકાંત! ચોમાસી ચૌદશ નજીક આવતી હોવાથી, અને મારે પણ અહીંથી અન્યત્ર વિહાર કરી જવાની ઈચ્છા હોવાથી આપણી વાતનો આજે છેડો આણુવાનો મેં નિરધાર કર્યો છે. નોંધી રાખવા જેવી બાબત છે કે જેને આત્મતત્વનું યથાર્થ ભાન થયું છે એ વ્યક્તિ ગમે તેવી મહાન્ અને વિદ્વ-તામાં અગ્રપદે હશે તો પણ એનામાં સરળતાનો ગુણ અદ્ભુતપણે રમણ કરતો દષ્ટિગોચર થશે. એનામાં સ્વશક્તિ પરની મુસ્તાકી કરતાં ભવભીરુતા અને અન્યમાં પણ પોતાના જેવો જ આત્મા વાસ કરે છે એ માન્યતા જોર કરતી અનુભવાશે

એ જ વલણે પ્રખર વિદ્વાન્ શ્રી ભદ્રબાહુસ્વામીને સંઘાજ્ઞા શિરોધાર્ય કરવા પ્રેર્યા. વિદ્વત્તા ગર્વ માટે ન થઇ પણ સંઘ એ વ્યક્તિ કરતાં સવિશેષ અને મહાન્ સત્તા છે એ સમજવાના ઉપયોગમાં આવી. આત્માની પિછાન પરસ્પર બાકડી બાધવામાં નહીં પણ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓનો સમન્વય કરવામાં સમાયેલી છે એ તેઓશ્રીએ જે પગલું ભર્યું તે ઉપરથી પુરવાર થયું.

આવા તો કેટલાયે દાખલા ટાંકી શકાય. મહાન્ તાર્કિક શ્રી સિદ્ધસેન દિવાકરજીએ ધાર્યું હતે તો સંઘમાં એક જુદો ફાંટો ઊભો કરી શકયા હોત! તેમના સમયમાં ભલે પ્રાકૃત ભાષા જોર કરતી રહી શકી હોય પણ પાછળથી સંસ્કૃત ગીરામાં જૈન સાહિત્ય ઓછું નથી સર્જાયું. આમ છતાં સંઘે માત્ર તેઓશ્રીને એક વાકય બદલ સંઘબહારની આજ્ઞા ફરમાવી અને જેમને આત્માની ઓળખ થઇ છે એવા એ મહાન્ વાદીએ હસતે મુખડે તે વધાવી લીધી :એટલું જ નહિં પણ, એ જલ્દીથી કેમ દૂર થાય અને સંઘ પુનઃ પોતાને કેમ સ્વીકારે એ સારું સખત પરિશ્રમ સેવી શાસનપ્રભાવનાનું મહાન કાર્ય કરી દેખાડયું. આ બનાવના તળીયે દૃષ્ટિ ફેંકવાથી સહજ દેખાશે કે મહાત્માઓના અંતર આત્મશક્તિની સાચી પિછાનથી રંગાયેલા હતાં. સાચી સમજ તેમના હૃદયમાં ઘુંટાઇ ચૂકી હતી. તેઓને માની લીધેલા માન અપમાન કરતાં શાસનસેવાની અને એ દ્વારા સ્વઆત્મકલ્યાણ સાધવાની રઢ લાગી હતી. એટલે જ તેઓ સ્વજીવનનો ઉત્કર્ષ જોઇ રહ્યા હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ વેળા 'હું કહું તે જ સાચું છે.' એવા વાક્ય વદનાર કરતાં અમુક અપેક્ષાથી મારું કથન સત્ય છે એમ કહેનાર વધુ સંખ્યામાં હતા. એ સમયે અમુક આમ વદે છે, બીજા આમ કહે છે, તત્ત્વ કેવલી જાણે એમ સ્પષ્ટ ઉચ્ચારનાર નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ જેવા વિદ્વાનોની ખોટ ન હોતી. આ રવૈયો કેટલાય સમય સુધી ચાલુ રહ્યો છે. અનેકાંત દર્શનના અનુયાયી માટે અપેક્ષા પ્રતિ તો સહજ દૃષ્ટિ નાખવાની અગત્ય ગણાય. નહિ તો પછી 'સ્યાત્ અસ્તિ કે સ્યાત્ નાસ્તિ' નો ઉપયોગ શો ? ઢાલની એક બાજુ જોનાર સુભટો લડે પણ ઢાલની બંને બાજુ અવલોકનાર વિદ્વાનો શા કારણે લડે ? એ કક્ષાના મહંતો બાંય ચઢાવતા નજરે આવે ત્યારે સમજી લેવું કે કયાં તો ઢાલની બે બાજુ જોવાણી નથી અથવા તો પૂરી વિદ્વત્તા પરખાઇ નથી. એ વેળા નિઃસંદેહ કહેવું પડે કે આત્મ પિછાન હજી તેમનાથી ઘણે દૂર છે.

વિનયકાંત, હવે ત્હને સમજાયું હશે કે હું જે આત્માની શોધમાં મંડયો હતો તે શા કારણે ?

હા, પૂજ્યશ્રી, આપના આશયનો મને જરૂર તાગ જડ્યો છે. જે કાળે વિજ્ઞાન વિદ્યુત્ વેગે આગળ વધતું હોય, અને જે સમયે જન સમાજમાં તત્ત્વ લાલસા પ્રદીપ્ત થઇ હોય તે કાળે અને તે સમયે કેવળ ક્ષુદ્રવાદમાં, સમજવિહુણા ક્રિયાકાંડમાં, અર્થહીન ઝઘડામાં, અહંતા ને મોટાઇની મારામારીમાં કે શાસ્ત્રાર્થની સાઠમારીમાં રચ્યાપચ્યા રહેવું અને દેશકાળને અનુરૂપ કાર્યો હાથ ન ધરવા એ સાચા આત્મજ્ઞાનીને શોભે છે ખરૂં ?

આજની ખેંચતાણ કોના માટે છે ? માનવ ખોળીયારૂપ ટુકડાની વાહવાહ અર્થેજ ને ! એનાથી શાસનની કઇ સેવા સર્જાઇ છે ? એથી શાસ્ત્રની કઇ ગુંચ ઉકેલવી છે ? એ માર્ગથી જૈન સમાજ કયા ઉન્નત શિખર પર આરોહણ કરવાનો છે ?

સમયનો સદુપયોગ કરી, પ્રાપ્ત સાધનોનો યોગ્ય લાભ મેળવી એ દ્વારા શાસનનો વિજય વાવટો વિસ્તૃત પ્રદેશ પર ફરકાવવાને ટાણે, માત્ર ગૃહ-ક્લેશમાં ગુંથાઇ રહી વાડા અને તડા વધારવા એ શું ઉચિત છે ? તો આત્માની શોધ અધુરી છે એમ કહેવું જ પડે ને ? ત્યાં તો 'સિદ્ધાચળ ગિરિ ભેટયા રે ધન્ય ભાગ્ય હમારા' એ પદ સંભળાણું અને વાર્તાલાપનો અંત આવ્યો.

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિદ્યાનો ખરો અર્થ—પ્રયોગ

ભારતના દાર્શનિક સાહિત્યમાં વિદ્યા શબ્દનો પ્રયોગ ઘણા ભાગે અધ્યાત્મ વિદ્યા અથવા મોક્ષવિદ્યાના અર્થમાં થયેલો છે.

સ્કુલ કે કોલેજનો કોઇ પણ વિદ્યાર્થી એમ સમજે છે કે પોતે ખરેખરૂં વિદ્યાધ્યયન કહી રહેલ છે તો તેમાં તેની ભૂલ છે. તે શિક્ષાર્થી છે પરંતુ વિદ્યાર્થી નહિં. જોવામાં આવે છે કે જે અર્થમાં વિદ્યાનો પ્રયોગ આજકાલ થઈ રહ્યો છે તેનો સમગ્ર રીતે શબ્દ દાર્શનિક શાસ્ત્રના સાહિત્યમાં કર્યો છે તે જાણવું જોઈએ. મનુષ્ય જીવનમાં તેનાથી ઉપલબ્ધ થતાં જ્ઞાનનો શું ઉપયોગ છે અને વાસ્તવિક રીતે વિદ્યા સાથે તેનો શું સંબંધ છે ?

જે વિદ્યાથી સંસારમાં ભટકવું પડે અને આત્માની છેવટે ક્રમે ક્રમે પણ ઉન્નતિ ન થતી હોય તે અવિદ્યા કહેવાય છે. જે મનુષ્ય કેવળ અવિદ્યાની જ ઉપાસના કરે તે ઘોર અંધકારમાં જ ભટકે છે. વિદ્યા અને અવિદ્યાનું ફળ અલગ અલગ છે. જે વિદ્યા અને અવિદ્યા બંનેને ખરેખરી રીતે જાણે છે તે મનુષ્ય અવિદ્યાને જાણી, વિદ્યાવડે સંસારનો પાર કરી તેનાથી અમૃત તત્ત્વ પ્રાપ્ત કરે છે. અવિદ્યા તે વ્યવહારિક જ્ઞાન અથવા ભૌતિક વિજ્ઞાન છે. તેમાં જ્ઞાન છે પરંતુ યથાર્થ રીતે પરિવર્તનશીલ અવાસ્તવિક પદાર્થનું ( અસમ્યક્ ) જ્ઞાન હોવાના કારણથી અપૂર્ણ અથવા ભ્રમાત્મક ( અસમ્યગ્ જ્ઞાન ) છે છતાં મનુષ્ય જીવનમાં અનાવશ્યક પણ એટલા માટે નથી કે તે વિદ્યાનું કારણ અથવા સહાયક છે. આધુનિક વિદ્યા શબ્દનો પ્રયોગ આ પ્રકારે અવિદ્યાને લઇને થઇ રહ્યો છે.

જો કે જગતમાં વિદ્યા અને અવિદ્યાનું સ્થાન તેના તેના સ્થાને મહત્ત્વપૂર્ણ છે. એક કારણ બીજું કાર્ય છે. જે મનુષ્યે કેવળ વ્યવહારિક ભૌતિક જ્ઞાન પ્રાપ્ત કરેલ હોય અને અધ્યાત્મિક જ્ઞાનનો અનુભવ ન હોય કે ન મેળવ્યું હોય તે મનુષ્યને જ્યાં ભૌતિક જગતની સારી અપૂર્ણતા થાય કે પછી છૂટી જાય છે ત્યારે તે અંધકારમાં ભટકે છે કે જે વખતે તેને વાસ્તવિક ( આધ્યાત્મિક ) જ્ઞાનના સૂર્યના દર્શન થવા પણ મુશ્કેલ છે. તેમજ સંસારી ગૃહસ્થાશ્રમી મનુષ્ય માત્ર વ્યવહારિક જ્ઞાનની અવહેલના કરતાં એકલું આધ્યાત્મિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન લેવા જતાં તેને પણ અંધકારમાં ગોથાં ખાવા પડે છે. ગૃહસ્થ ધર્મથી પતિત થવું પડે છે, કારણ કે સંસારમાં રહેનારને ગૃહસ્થ ધર્મનું પાલન કરતાં ભૌતિક જીવનને પણ પ્રમાણિક અને ન્યાયપૂર્વક ચલાવવાનું હોવાથી તેમજ વ્યવહારિક જીવન પણ ઉન્નત બનાવવાનું હોવાથી તે વિના પણ કષ્ટ ભોગવવું પડે છે.

માનવ જીવનને પૂર્ણ બનાવવા માટે બંનેની બંનેના સ્થાને જરૂર છે. ભૌતિક જીવનની આવશ્યકતા વ્યવહારિક શિક્ષણ( અવિદ્યા )વડે પૂરી થાય છે અને મનુષ્યની જીવનયાત્રા તેના વડે પૂરી થાય છે, કારણ કે ઉદર-પોષણને લઈને ઉચ્ચતમ કળા, ઉદ્યોગ, હુન્નર અને વિજ્ઞાનની ઉત્પત્તિ તેનાથી થાય છે. સમાજ સંચાલનને લીધે આવશ્યક સંસ્થાઓ( જ્ઞાતિ વિગેરે )નો ઉદય પણ સંસારના વ્યવહારિક જ્ઞાનથી થયો છે, તે માટે સંસારમાં તેની પણ આવશ્યકતા છે. વ્યવહારિક જ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનનો ઉપયોગ કર્મમાં છે–ભૌતિક જ્ઞાન, અધ્યાત્મ જ્ઞાન વિના આદર્શહીન અથવા અપૂર્ણ છે. ભૌતિક જ્ઞાનથી દુનિયામાં બાહ્યરૂપનું અધ્યયન થતું હોવાથી તે પરિવર્તનશીલ તથા વિનશ્વર છે. વિશ્વના આધારભૂત અને મનુષ્યનું આત્મકલ્યાણ તો પરમ તત્ત્વના અનુભવવડે અધ્યાત્મ શાસ્ત્રથી જ થઇ શકે છે. પરમાર્થિક ઉદ્દેશ્ય અને જ્ઞાન વિના ભૌતિક વિજ્ઞાનમાં બૌદ્ધિક સચ્ચાઈ આવી શકતી નથી. અધ્યાત્મ શાસ્ત્રના જ્ઞાન વિના લોકસેવા પણ થઇ શકતી નથી. લોકસેવા કરવામાં એ પરમ તત્ત્વનો સર્વ રીતે અનુભવ થવો–હોવો આવશ્યક છે કે જે અધ્યાત્મ શાસ્ત્રથી જ થઇ શકે છે.

ભારતવર્ષનો શુમારે એક હજાર વર્ષનો ઇતિહાસ જોતાં માલુમ પડે છે કે બંને શિક્ષાના સમન્વયની જરૂર છે. વર્તમાનકાળમાં આધુનિક શિક્ષા પ્રણાલિકાથી તો જગદ્વ્યાપી સંકટની આશંકા ખરી માલુમ પડે છે, કારણ કે તેમાં આધિભૌતિક શિક્ષણ અવિદ્યા પક્ષનું અતિરંજનપણું અને આધ્યાત્મિક પક્ષ શિક્ષાની ઉપેક્ષા થઇ રહી છે, જેથી પરિણામ એ આવ્યું છે કે કળા વિજ્ઞાનની દિવસાનુદિવસ ઉન્નતિ થતી જતી હોવાથી સંયમ અને સુરૂચિનો અભાવ થવાના કારણે સંસારમાં ક્ષોભ, દુઃખ, કલેશની વૃદ્ધિ થતી જોવામાં આવે છે, વર્તમાન શિક્ષણમાં આધ્યાત્મિક આદર્શનો અભાવ થવાથી જીવનમાં એ દ્રષ્ટિકોણ નથી ઉત્પન્ન થતો કે જીવનમાં વિભિન્ન અંગો અને સામાજિક વ્યવહારમાં સમન્વય અને સુવ્યવસ્થા ઉત્પન્ન કરી શકે. સાહિત્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારવાડની યાત્રા

## ( ઐતિહાસિક દ્રષ્ટિએ )

( ગતાંક પૃષ્ઠ ૨૫૮ થી શરૂ )

**વરકાણાજી.**

મારવાડની મોટી પંચતીર્થીનું અમારે આ છેલ્લું યાત્રાધામ હતું. નાડોલથી ત્રણ ગાઉ દૂર આ તીર્થધામ છે

"**અંતરીક્ષ વરકાણો પાસ**" સકલ તીર્થવંદનની આ પંક્તિઓ બોલતાં રોજ વરકાણાજીને યાદ કરતા તે પૂનિત તીર્થનાં દર્શન કરવાથી ખૂબ જ આહ્લાદ અને હર્ષ ઉપજે છે. મૂલનાયકજી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પ્રાચીન છે.

વરકાણા ગામ તો તદ્દન નાનું જ છે. બે ઘર જૈનોનાં છે, બાકી આ સ્થાન ગોલવાડના જૈનોની પંચાયતનું મુખ્ય સ્થાન છે. અને આ મુખ્ય સ્થાનેથી સમસ્ત ગોલવાડમાં જ્ઞાન-રવિનાં તેજસ્વી કિરણો ફેલાવવા માટે સુપ્રસિદ્ધ પંજાબકેસરી આચાર્ય મહારાજ શ્રી **વિજયવલ્લભસૂરિજી મહારાજનાં** અને એમના શિષ્યરત્ન આચાર્ય મહારાજ **શ્રી વિજયલલિતસૂરિજી મહારાજના** ભગીરથ પ્રયત્નથી "શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય" ની સ્થાપના થયેલી છે. આવી અનેક સંસ્થાઓ ઊભી થાય અને જૈન સમાજમાં અને તેમાં યે મરૂધરવાસી જૈનોમાં વ્યાપ્ત અજ્ઞાનાંધકારને દૂર કરે એ જ જરૂરી છે.

પણ મારા દિલની એક દર્દકથા લખી દઉં ? આવી સંસ્થાઓમાં ઉત્તમ દઢ ધાર્મિક સંસ્કારો આપે તેવા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન માસ્તરો જ રાખવા જોઇએ.

---

**માનવ હૃદયના કોમળ ભાવોનો પ્રોત્સાહન નહીં મળતાં સુષુપ્ત વાસનાઓને ઉત્તેજના મળતી જાય છે. ઇતિહાસથી જાતીય અભિમાન અને કલેશની વૃદ્ધિ થઇ રહી છે. અર્થશાસ્ત્રમાં બીજાની કમાણી ઝડપી લેવાની ચિંતા છે. વ્યાપારમાં આંધળા સ્વાર્થની આંધી ચાલી રહી છે. ભૌતિક વિજ્ઞાનના વિકાશથી સ્વાર્થી લોક પણ વિશેષ લાભ ઉઠાવી રહ્યા છે અને તે દ્વારા આજકાલ સંસારમાં વિનાશકારી સાધનોની ઉત્તરોત્તર વૃદ્ધિ થઇ રહી છે. આવી પ્રવૃત્તિ લાંબા કાળ સુધી રહેશે તો પત્તો નહીં લાગે કે એ ઉદ્દેશ્યહીન શિક્ષા સંસારમાં કયાં સુધી કેટલે ઘસડી જશે. એ સમય અત્યારે આવીને ઉભો છે કે આ જાતની પ્રગતિને રોકવાને પ્રયત્ન થવા જરૂર છે અને અવિદ્યાના આ વ્યવહારિક અને ભૌતિક વિજ્ઞાન પર વિદ્યા-અધ્યાત્મ શાસ્ત્રનું શાસન રહે તેવું વિદ્યા-શિક્ષણ આપવા જરૂર છે કે જેથી સંસારમાં પ્રાણીમાત્ર કલ્યાણ સાધી શકે.**

**અ૦ આત્મવલ્લભ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહારિક શિક્ષણ પૂરતા અજૈન કે દિગંબર માસ્તરો ભલે હોય. તે પણ જૈન માસ્તર મળે તો ઘણું શ્રેષ્ઠ છેવટે અજૈન રાખવા પડે, પરન્તુ વિદ્યાર્થીમાં સાચું જૈનત્વ, એ જૈનત્વ પાછળ મરી ફીટવાની તમન્ના, અને ધર્મને ખાતર સર્વસ્વ ન્યોછાવર કરાવની ભાવના જાગે એવું શિક્ષણ આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મીષ્ઠ ધર્માધ્યાપક જોઇએ. આ કામ સુચારિત્રવાન જૈન સાધુ સિવાય બીજા ભાગ્યે જ રીક શકે એ વાત તદ્દન સત્ય છે, છતાં યે શિક્ષકોથી કામ લેવાય ત્યાં શિક્ષકો એવા જ રાખવા જોઇએ હું એક જ દૃષ્ટાંત આપું. ત્યાં વિદ્યાર્થીઓને ડ્રોઇંગ-આર્ટનું કામ સુંદર શિખવવામાં આવે છે. અમને વિદ્યાર્થીઓની કળાના નમૂના બતાવવામાં આવ્યા પણ બે કે ત્રણ ચિત્રોને બાદ કરીએ તો બાકી બધા અજૈન પુરૂષોને દર્શાવનારાં જ ચિત્રો હતાં. યદિ જૈન માસ્તર હોત તો ક. સ. શ્રી હેમચંદ્રસુરિજી મહારાજ, જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી મહારાજ આદિઆદિ અનેક જૈન-શાસનના જ્યોતિર્ધરોનાં ચિત્રો તૈયાર કરાવત. તેમ જ આબૂ, પાવાપુરી વગેરે જૈન તીર્થસ્થાનોનાં ચિત્રો રજૂ કરાવત આવી ઉત્તમ જૈન સંસ્થાઓમાં યદિ અમારા જૈન વિદ્યાર્થીઓને દૃઢ ધાર્મિક સંસ્કારો અને જ્ઞાન નહિં મળે તો બીજે કયાં મળશે ? આ સાથે જૈન ફિલોસોફીનું પણ જ્ઞાન મળવું જોઇએ. આજનો યુગ એવો વિચિત્ર છે કે યદિ જૈન દર્શનનું ઉત્તમ જ્ઞાન વિદ્યાર્થીમાં નહિ હોય તો તેને ધર્મશ્રદ્ધાથી વિમુખ થતાં વાર નહિં લાગે. દરેક જૈન સંસ્થાઓ માટે આગ્રહપૂર્વક ભલામણ કરૂં છું કે વ્યવહારિક શિક્ષણ ગમે તેટલું ઊંચું અપાય પણ યદિ ધાર્મિક જ્ઞાન અને દૃઢ ધાર્મિક સંસ્કારો નહિં અપાય તો યાદ રાખશો કે એ વિદ્યાર્થી જૈનો માટે ઉપયુક્ત નહિં નીવડે. આવી સંસ્થાઓદ્વારા અમારે તો સાચા વીરપુત્રો. સાચા શાસનદીપક, શાસનસેવક જૈનો, ધર્મવીર ઉત્પન્ન કરવા છે. જે જે સંસ્થાઓમાં આ કાર્ય જેટલા પ્રમાણમાં થાય તેટલી જ તેની સફળતા સમજું છું. અમે સંસ્થાનું નિરીક્ષણ કર્યું; કેટલીક જરૂરી ભલામણો પણ કરી, સંસ્થા જોઇ આણંદ થયો. આવી જ બીજી સંસ્થા આચાર્યમહારાજશ્રી વિજયલલિતસૂરિજી મહારાજના ઉપદેશથી અને સતત પરિશ્રમથી ઉમેદપુરમાં વિદ્યાલય ખુલ્યું છે, પણ ત્યાં જવાનું સદ્‌ભાગ્ય અમને નથી મળ્યું એટલે એ સંબંધી કાંઇ નથી લખતો.

વરકાણાજીની તીર્થની યાત્રા કરી અમે ત્યાંથી બે ગાઉ દૂર રાણી આવ્યા.

## રાણી.

**રાણીમાં** બાબુ બુદ્ધિસિંહજીની ધર્મશાળા છે વ્યવસ્થા સારી છે. યાત્રુઓને અનુકૂળતા મળી રહે છે. મારવાડની પંચતીર્થીનાં યાત્રા કરવા જતા ગૃહસ્થને અહીંથી વાહનોની સગવડ મળે છે અહીંથી અમે યાત્રા પૂરી કરી મારવાડ તરફ આગળ વધ્યા.

## મારવાડ જંકશન ( ખારચી )

**રા**ણીથી અમે ધીમે ધીમે મારવાડ જંકશન આવ્યા. અહીં યતિવર્ય શ્રી લબ્ધિસાગરજીના પ્રયત્નથી એક સુંદર જીનમંદિર તૈયાર થયેલું છે. પાસે જ ધર્મશાળા છે વ્યાપાર અર્થે આવેલા જૈનો અહીં વસે છે. અહીં અમારે શ્રી મહાવીર જયન્તિ ઉજવવાનો વિચાર હતો. અમે શ્રાવકોને બોલાવ્યા જયન્તિની વાત કરી પણ જયન્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું ચીજ છે એ કોઇ સમજે જ નહિ. આજના પ્રગતિ યુગમાં અમને આ અજ્ઞાન જોઇ દુ:ખ થયું. અમે સમજાવ્યું કે આજે પરમાત્માશ્રી મહાવીર દેવનો જન્મદિવસ છે, તેમનું જીવનચરિત્ર સાંભળવું જોઇએ; પણ પૈસાના પૂજારી એ મહાનુભાવોના ગળે અમારી વાત જલ્દી ન ઉતરી કિન્તુ અમારો દૃઢ નિશ્ચય હતો કે આવા સ્થાનમાં તો જરૂર વીર જયન્તિ ઉજવી જ જોઇએ. કેટલાએક યુવાનોને સમજાવી બજાર વચ્ચે જ એક સ્થાન નિયત કરાવ્યું. બપોરે બે વાગે જઈ વ્યાખ્યાન શરૂ કર્યું થોડી જ વારમાં અજૈનો અને જૈનો પણ આવ્યા. પરમાત્મા મહાવીર દેવનું ચરિત્ર સાંભળી ઘણાને આશ્ચર્ય થયું. ભગવાનનું ચરિત્ર આવું અદ્‌ભુત છે? અમે તો કદી સાંભળ્યું જ નથી. પર્યુષણાના દિવસોમાં થોડું સાંભળીએ, જન્મને દિવસે નાળીએર વધેરીએ, ત્રણ કલાક સુધી જુદી જુદી દૃષ્ટિથી શ્રી વીરપ્રભુનું ચરિત્ર સંભળાવ્યું. અજૈનો; મુસલમાનો ઉપર ઘણો પ્રભાવ પડ્યો. પછી તો શ્રાવકો કહે-મહારાજ હવે ફરીથી બીજે દિવસે મહાવીર પ્રભુનું ચરિત્ર સંભળાવો પણ ત્યાં એક બગડીના શ્રાવકે આવીને અતિશય વિનંતિ કરી કહ્યું કે ચૈત્રી-પૂર્ણિમાના દિવસે અમારે ત્યાં ઉત્સવ છે, રથયાત્રા નીકળવાની છે માટે આપ પધારો.

મારવાડ જંકશનથી બીજે દિવસે **બગડી પહોંચ્યા**-અહીં આપણું સુન્દર જિન-મંદિર છે. શ્વે. મૂ શ્રાવકો થોડા છે. બધા ભાવિક, ધર્મપ્રેમી, શ્રદ્ધાળુ અને સુખી છે. પરન્તુ સંવેગી સાધુ મહાત્માઓ અહીં બહુ જ અલ્પ સંખ્યામાં આવે છે જેથી સ્થા. સાધુઓની અસર પડે છે. અહીં સંવેગી સાધુઓના વિહારની પૂરેપૂરી જરૂર છે. ચોમાસા યોગ્ય ક્ષેત્ર છે. આ પ્રદેશમાં સંવેગી સાધુઓના વિહારના અભાવે સ્થા. અને તેરાપંથીઓ ફાવતા જાય છે. તેમનો પ્રચાર વધે છે. મંદિરજીમાં દર્શન કરે અને ગુરૂ સ્થા. સાધુ હોય અને કેટલે ઠેકાણે એ જ શ્રાવકો-કે જેમણે ભવ્ય જિનાલયો બંધાવેલાં છે તેઓ જ શ્રદ્ધાવિમુખ થવાથી પોતાના બંધાવેલા જિનાલયની સામુંયે નથી જોતા. સ્થા. સાધુઓ ત્યાં ઉતરે છે, આશાતના કરે છે અને શ્રાવકોની જીનાલયની શ્રદ્ધા ઓછી કરે છે.

બગડી બારાપંથી અને તેરાપંથીઓનું આ પ્રદેશનું યાત્રાધામ છે એમ કહું તો ચાલે છે સ્થાનકવાસીઓમાંથી તેરાપંથી મત અહીં જ નીકળ્યો અને ત્યારથી સ્થાનક-માર્ગીઓમાં બારાપંથી અને તેરાપંથી એવાં બે નામ પડયાં. ટુંક સમયના ગાળામાં સ્થાનકમાર્ગીઓમાં ૩૫ ટોળા આજે છે. તેરાપંથી વળી જુદા જ છે. આ ટોળા અને મતભેદ મિટાવવા સ્થા. સાધુ ફુલચંદજીએ "**નાયપુત્ત સમણસંઘ**" નામક એક નવો સંઘ સ્થાપ્યો છે. મિશ્રીલાલજીને **સુધર્મા ગચ્છ સ્થાપવો છે.** આ બધું શું છે? હવે સ્વમતની પુષ્ટિ ખાતર નવાં સૂત્રો રચાય છે પ્રાચીન સુવિહિત આચાર્યદેવોની નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ અને ટીકાઓ છોડી નવી ટીકાઓ જૈનાગમ, જૈનમાન્યતાથી વિપરીત ટીકાઓ રચાવા માંડી છે. કેટલીક ટીકાઓ છપાઇ ગઇ છે! આ બધું જિનાજ્ઞાના અભાવમાં જ બને છે.

બગડીમાં બે-ત્રણ જાહેર વ્યાખ્યાનો આપ્યાં. જનતા ખૂબ ઉત્સાહથી સાંભ-ળવા આવતી કિન્તુ તેરાપંથીઓ તો રખેને સમકિત ચાલ્યું જાય એ ડરથી સંવેગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુ કે સ્થા. સાધુનાં વ્યાખ્યાન સાંભળવા પણ નથી જતા. જે સ્થાનેથી બારાપંથી જુદા પડ્યા તે સ્થાન આજે ગામ બહાર મોજુદ છે. મૂર્તિપૂજાનો વિરોધ કરનારા આ મહાનુભાવો આ સ્થાનને પણ મહત્વ આપે છે. તેરાપંથી વગેરે કેટલાક નમે પણ છે. બસ અહીંથી અમે મરૂદેશનો અનુભવ કરતા આગળ વધ્યા.

ઢુંઢીયા નામ તો પ્રસિદ્ધ જ છે. એમાંથી **સ્થાનકવાસી** બન્યા, પરન્તુ મરૂદેશમાં કેટલાક સ્થા. સાધુઓ સ્થાનકમાં નથી ઉતરતા માટે **સ્થાનકમાર્ગી** કહેવાય છે; જ્યારે બગડી અને મેવાડ તરફ **બારાપંથી** અને તેરાપંથી પ્રસિદ્ધ છે તેમજ બ્યાવર, અજમેર તરફ **બાવીસટોલા** સાધ( સાધુ )માર્ગી શ્રમણોપાસક તરીકે પ્રસિદ્ધ છે. હવે નવાં નામ બહાર પડે છે તે મુજબ **નાયપુત્ત સમણસંઘ અને સુધર્મગચ્છ,** તરીકે પ્રસિદ્ધિ કરવા માંડી છે. જ્ઞાની મહારાજ જાણે હજી ભવિષ્યમાં કેટલાં નામે આ સંપ્રદાય પ્રસિદ્ધિ પામશે ?

આ પ્રદેશમાં શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રાવકો સંવેગી સાધુઓના વિહારના અભાવે સત્ય જ્ઞાનથી વંચિત બને છે. વસ્તુ એ છે કે જેના પિતાએ સુંદર જિનમંદિર બંધાવ્યું છે જ્યારે પુત્ર કટ્ટર સંપ્રદાયવાદી-સ્થાનકમાર્ગી બનેલ છે. મંદિરનો વહીવટ તે છોડવા માંગતો નથી, અને મન્દિરમાં આશાતના થાય તોયે મન્દિર પોતાના બાપનું બંધાવેલું મન્દિર હોવાથી પોતાના કબજામાં મન્દિર રાખવા માંગે છે, જ્યારે મન્દિરમાં જઇ પ્રભુજીનાં દર્શન કરવાના તો સોગન જ છે ! મન્દિર પોતાના બાપે બન્ધાવેલું છે એમ જરૂર માને પણ શ્રીમાન્ કદી પણ મન્દિરજીમાં ન જાય. સ્થાનકમાર્ગી સાધુઓ પણ હવે વ્યવસ્થિત ચળવળ ઉપાડે છે અને જિનમન્દિરમાં જઇ શ્રી વીતરાગદેવની પૂજા અને દર્શન કરનારને મિથ્યાત્વી કહે છે. એ શુભ ક્રિયાને મિથ્યાત્વ અને અધર્મ માનનાર એ મહાનુભાવો જૈનધર્મને વિકૃત કરે છે, પાપબન્ધન કરે છે. મતની પુષ્ટિ ખાતર જિનવરેન્દ્રની મૂર્તિનાં દર્શન કે પૂજન કરવાથી કર્મબન્ધન લાગે, મિથ્યાત્વ લાગે કે અધર્મ કહેવાય એવાં શાસ્ત્રીય પ્રમાણો રજૂ નથી કરી શકતા. માત્ર પક્ષવ્યામોહ અને સંપ્રદાય મમત્વ જ તેમના હાથે આવું અકાર્ય કરાવે છે. હું આજે લખું છું તે કોઇના ઉપર આક્ષેપ કરવા નહિં કિન્તુ સંવેગી સુવિરિત સાધુ મહાત્માઓ જાગૃત થઇ સત્ય ધર્મના પ્રચાર માટે આ પ્રદેશમાં વિચરે માટે આ પ્રદેશની વસ્તુસ્થિતિ જ વર્ણવું છું. આ પ્રદેશમાં ગામેગામ જૈનમન્દિર છે. ક્યાંક ક્યાંક તે જિનમંન્દિરોને તાળાં વસાયાં છે, ક્યાંક ચામચીડીયાંએ ઘર બનાવ્યા છે. આશાતના અને ગંદગીનો પાર નથી. ક્યાંક સ્થા. સાધુઓ જિનમન્દિરમાં ઉતરે છે. આહારપાણી અને શયનાદિ કરે છે. મન્દિરજીની અગાસીમાં ઉપર જવાનો રસ્તો હોય છે તો માત્રુ આદિ પરઠવે અને સ્રીઓનો માસિક ધર્મ નહિં પાળનાર સ્થા. આર્જાઓ ( આર્યાઓ ) જિનમન્દિરમાં વાસ કરીને રહે છે. પારેવા વિગેરેની આશાતના થાય છે. ક્યાંક જિનમન્દિરોમાં પૂરી પૂજા નથી થતી. પૂજારી લોકો પાણી ઢોળી જાય છે. દર્શન કરનાર કોઇ નથી. જે શ્રાવકો મન્દિરમાં જઈ દર્શન પૂજન કરનાર હતા, તેમને સ્થા. સાધુઓએ દયાદેવીના નામે દર્શ પૂજન બંધ કરાવ્યાં છે. પણ બદલામાં શું આવ્યું એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પવિત્ર જીવનનું રહસ્ય

અનુ૦ અભ્યાસી

[ ગતાંક પૃષ્ઠ ૨૫૨ થી શરૂ ]

બની શકે ત્યાંસુધી બધા બિનજરૂરી તથા નકામાં કામોથી તમારો સંબંધ તોડી નાખો. આપણે અનેક વાર કેવળ મજા કરવા ખાતર કોઇની સાથે ગપ્પાં મારવા લાગીએ છીએ, જયાં ગયા વગર કામ થઇ શકતું હોય તેવી જગ્યાએ નકામા જઇએ છીએ, બિનજરૂરી સભાઓમાં ભેગા થઇએ છીએ, કોઇ આવશ્યક કામ ન થાય તોપણ મોટા માણસોની પ્રતીક્ષામાં કલાકોના કલાકો બેસી રહીએ છીએ–આવા પ્રકારના કાર્યોમાંથી બહુ જ સારી રીતે આપણે છૂટી શકીએ છીએ. એવા સાર વગરના કામથી લાભ તો કશો થતો

---

**ખબર** છે ? મિથ્યાત્વ પૂજન વધ્યું છે. હનુમાનજીનાં દર્શન થાય, કાળીનાં દર્શન થાય, ભૈરવ પૂજાય, પીંપળાનાં ઝાડ પૂજાય, કટ્ટરમાં કટ્ટર સ્થાનકમાર્ગી શ્રાવક ગણેશ પૂજે, પીંપળાની પૂજા કરે છે. વાંધો માત્રજિનવરેન્દ્રની પૂજા માટેજ છે. બસ આમાં આર્યસમાજી ઉપદેશકો આ બધું દંભ અને પાખંડ જણાવી શ્રાવકોને આર્યસમાજી બનાવી લ્યે છે. આજે સેંકડે નેવું ટકા શ્રાવકો સ્થાનકમાર્ગીમાંથી આર્ય સમાજી બનેલા છે. એક તો સ્થા. સાધુ વિદ્વાન્ હોતા નથી. અહિંસાનું પુરું સ્વરૂપ સમજતા નથી. નવી રોશની વાળાઓ આ વિષયમાં ખુબ પ્રશ્નો પુછે છે. સ્થા. સાધુઓ તેનો જવાબ આપી શકતા નથી એટલે યુવાનોને તેમાં સન્દેહ થાય છે. એ સન્દેહ તેમને જૈન ધર્મ છોડવા પ્રેરે છે. જૈન ધર્મની આ વિકૃત દશામાં અમને એક એ પણ કારણ જણાયું કે સ્થા. સાધુઓમાં સેંકડે નેવું ટકા સાધુઓ અજૈનમાંથી–કેટલી વાર હલકી કોમમાંથી આવે છે. તેમને જૈન ધર્મના સંસ્કાર હોતા તથી. તેઓ મિથ્યાત્વ પૂજનનો જેટલો વિરોધ નથી કરતા એથાયે વધુ વિરોધ જિનવરેન્દ્રની પૂજાનો કરે છે. તેમજ વાસી ખાવું, કંદમૂળ ખાવું અનંતરાય વસ્તુઓ મેળવવી વગેરે સંસ્કારો પણ તેમના જૈનત્વના જ છે. હવે જૈન ધર્મવિરોધી આહાર ગ્રહણને શાસ્ત્રીય બનાવવા નવા શ્લોકો અને પાઠો રચાવામાં માંડ્યા છે. શાસન દેવ સૌને સદ્બુદ્ધિ અર્પે એમ ઇચ્છું છું. આ બધાનું નિમિત્ત છે પ્રાયઃ સંવેગી સાધુઓના વિહારનો અભાવ. જૈનધર્મનું જ્ઞાન અને સંસ્કારો ન મળવાના અભાવે અને પક્ષવ્યામોહે આ દશા ચાલે છે. તેમાંયે મારવાડની પ્રજા જાણે થોડું અને તાણે ઘણું. પકડયું છોડે નહિં. સત્ય જાણવાની વૃત્તિનો પણ અભાવ છે. સાથે જે ધર્મમાં પાઇનોએ ખર્ચ નહિં એટલે આ ધર્મપંથ આ પ્રદેશમાં વધુ ફેલાવા માંડ્યો છે. બસ અન્તમાં સુવિહિત સંવેગી સાધુઓ આ પ્રદેશમાં પધારે, વિચરે અને ઉપદેશ આપે. લાંબા સમયે જરૂર લાભ થશેજ થશે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, ઉલટું આપણો અમૂલ્ય સમય નકામો જાય છે એટલે માટે એવા કાર્યોથી બિલકુલ છૂટી જાઓ.

તમારૂં મનોરંજન એવા પ્રકારનું હોવું જોઇએ કે જેમાં સમયનો અપવ્યય ન હોય, તમારે એવું ખેલવા-કુદવાનું પસંદ કરવું કે જેમાં સમય ઓછો લાગે અને જે સ્વાસ્થ્યવર્ધક અને આનંદપ્રદ હોય તથા જેદ્વારા તમને પ્રતીતિ થાય કે તમે સ્ફુર્તિ અને તાજગી પ્રાપ્ત કરી રહ્યા છો પરંતુ તમે એને અત્યાવશ્યક કામ ન સમજી બેસો. એમાં ભૂલેચૂકે પણ વધારે સમય વ્યતીત ન કરો. જે ખેલવા-કુદવામાં વધારે સમય ગાળે છે તેની સ્થિતિ તો તે મનુષ્યના જેવી છે કે જેનો માળો પોશાળુ પીંછાનો બનેલો હોય છે અને જેના ખોરાકમાં જાતજાતની ચટણીઓ સિવાય કશું હોતું નથી. એવો માણસ શું સારૂં ખાવાનો કે પહેરવાનો હતો ? ખેલવા-કુદવામાં વધારે પડતો સમય ગાળવાથી કશો વિશેષ લાભ નથી થતો, તેથી જે રમતમાં વધારે સમય જતો હોય તે છોડી દો અને તેને બદલે એવી રમત પસંદ કરો કે જે તમને થોડા સમયમાં યથેષ્ટ સ્ફુર્તિ આપી શકે.

તમારા દૈનિક કાર્યોમાં પ્રભુની પ્રાર્થના તથા ઉપાસના નિમિત્તે સવાર સાંજ અમુક સમય જરૂર નક્કી કરી રાખો. ગમે તેવી અડચણ આવી પડે તો પણ તેમાં અડચણ ન પડવા દો. ગમે તેટલું જરૂરી કામ આવી પડે તો પણ સવાર-સાંજ જરૂર પ્રાર્થના કરો. પ્રાર્થના કરવાનું કદી પણ ન ચુકો. એને માટે તો એવો દૃઢ નિયમ કરી રાખો કે સંસારની કોઇ પણ શક્તિ તમને તેનાથી ચલિત ન કરી શકે. થોડા દિવસોમાં જ એની ટેવ પડી જશે અને પછી તો તમને પ્રાર્થના કર્યાવગર ગમશે જ નહિ.

જ્યારે તમે પ્રભુની પ્રાર્થના કરતા હો ત્યારે તમારૂં મન પૃથ્વી પર ન ભટકવું જોઇએ. તમારે જાણી લેવું જોઇએ કે બધા સાંસારિક કાર્યોની અપેક્ષાએ પ્રભુની ઉપાસનાનું મૂલ્ય હજારગણું વધારે છે, આપણા જીવનનું સૌથી આવશ્યક અને મહત્ત્વનું કાર્ય તો એ જ છે.

એક વખત ઔરંગઝેબ પાદશાહ જંગલમાં ગયો હતો. ત્યાં નમાઝ પઢવાનો વખત થયો. એટલે ચાદર પાથરીને નમાઝ પઢવા લાગ્યો. થોડીવારમાં એક સ્ત્રીએ પોતાના પ્રેમીને દૂરથી આવતો જોયો. એટલે તે તેને મળવા માટે દોડી અને ધ્યાન ન રહ્યું કે રસ્તામાં પાદશાહ નમાઝ પઢી રહ્યો છે. તે તેની ચાદર ઉપર પગ મૂકીને દોડી. એ જોઇને પાદશાહને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણો જ ક્રોધ આવ્યો, પરંતુ નમાઝ પઢતો હતો એટલે કશું ન બોલ્યો. થોડી વાર પછી નમાઝ પૂરી થઈ ત્યારે તેણે જોયું કે તે સ્ત્રી પોતાના પ્રિયતમની સાથે ખૂબ પ્રેમથી વાતો કરીને આવતી હતી. પાદશાહે કહ્યું કે ' અરે કમજાત, તું અહીંથી જતી હતી ત્યારે તેં ન જોયું કે હું નમાઝ પઢતો હતો અને મારી ચાદર પર પગ મૂકીને તું ચાલી ગઇ ?' પછી તે સ્ત્રી બોલી ' જહાંપનાહ, આપ તો નમાઝ પઢતા હતા, તો પછી આપે કેવી રીતે જોયું કે હું આપની ચાદર ઉપર પગ મૂકીને ચાલી છું. હું મારા સાંસારિક પ્રેમીના પ્રેમમાં એ ન જોઇ શકી કે આપની ચાદર પાથરેલી છે અને આપ નમાઝ પઢી રહ્યા છો, તો આપ કેવી રીતે જોઈ શકયા કે હું આપની ચાદર ઉપર થઈને ચાલી છું. આપ તો ખુદાની સાથે પ્રેમ કરી રહ્યા હતા કે જેની પાસે સાંસારિક પ્રેમ નહીવત્ છે. આ ઉપરથી સાબિત થાય છે કે આપ એ વખતે નમાઝ પઢતા નહોતા, પણ નમાઝનો ઢોંગ કરી રહ્યા હતા' ઔરંગઝેબ તો શરમાઇને નીચું જ જોઈ રહ્યો.

તમારી પ્રાર્થના આવી ન હોવી જોઇએ, પણ સાચી જ હોવી જોઇએ. ક્ષણ ક્ષણ કરીને જીવન બન્યું છે. જેટલી ક્ષણ બરબાદ કરો છો તેટલો જીવનનો અંશ બરબાદ કરો છો એમ જ સમજો. જો જીવન પર પ્રેમ ન હોય તો ગમે તે કરો પરંતુ જો તમને જીવન પર પ્રેમ હોય, એનું કાંઇ પણ મૂલ્ય આંકતા હો તો એક ક્ષણ પણ નકામી જવા ન દો, કેમકે એનાથી તો જીવનની રચના થઇ છે. કલાકો પર કલાકો ચાલ્યા જાય છે, દિવસો પર દિવસો નીકળી જાય છે, પણ તમને તેની કશી પણ પરવા નથી. સ્મરણમાં રાખો, ગયો વખત ફરી હાથમાં આવતો નથી. તમારા અવકાશની પ્રત્યેક ક્ષણ પ્રભુની પ્રાર્થનામાં લગાડો, આજનો વીતી ગયેલો કલાક આવતી કાલે પાછો નહિ મળી શકે. ખરી રીતે તો જે ક્ષણો માલીકના સ્મરણમાં જાય છે તેનું જ કંઈક મૂલ્ય છે.

કહ્યું છે કે—

शास्त्रं ह्यननां बहुलाश्च विद्याः
अल्पश्च कालो बहुविघ्नता च ।
यत्सारभूतं तदुपासनीयं,
हंसो यथा क्षीरमिवाम्बुमध्यात् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઈ પણ જાણવાની ઇચ્છા છોડી દો. સાર વસ્તુને ગ્રહણ કરો જીવનમાં પ્રભુ ભજન એક જ સાર વસ્તુ છે, તેને જ મજબૂત પકડો. આટલું જીવન તો ચાલ્યું ગયું. હવે ખબર નથી કઈ ઘડીએ માલીકના દરબારમાંથી ચીઠ્ઠી આવી પહોંચશે. તમે એ માટે કાંઇ પણ તૈયારી કરી છે કે નહિ? જો ન કરી હોય તો હજુ પણ ચેતો.

અત્યાર સુધી તમારા જીવનનો મોટો ભાગ અનેક પાપકર્મોમાં જ વ્યતીત થયો છે. એમાં તમને ઘણી મજા આવે છે, પરંતુ જરા વિચાર કરો કે તે ખરી મજા છે? હજુ પણ ધારો તો તમારૂં કલ્યાણ કરી શકો એમ છો, પરંતુ એ માટે તમારે એક કામ અવશ્ય કરવું પડશે, તે એ કે પાપોનો સર્વથા ત્યાગ કરી દેવો પડશે. પાપી અને મલિન આત્મા પ્રભુ નથી થઇ શકતો, મોક્ષમાં નથી જઈ શકતો. ત્યાં તો કેવળ પવિત્ર અને સાચા આત્મા જ પહોંચી શકે છે. આજસુધી તમે પાપાચારમાં જે સમય નષ્ટ કર્યો તેનાથી વિમુખ થઈ જાઓ. તે સમય પુન્ય કાર્યોમાં ગાળવાનો આરંભ કરો. સેવાના કાર્યોમાં તેનો ઉપયોગ કરવા માંડો. એ રીતે તમે જોશો કે તમારો સમય બગડતો બચી જશે એટલું જ નહિ પણ તે સાથે તેનો સુંદર સદુપયોગ થઈ રહ્યો છે જે તમારા કલ્યાણ માટે અત્યંત જરૂરનું છે.

જે લોકો દિવસરાત પોતના વેપારમાં સંલગ્ન રહેતા હોય તેઓએ વરસમાં એક બે મહિના જગતની બધી જંજાળ છોડી દઇને પ્રભુની ઉપાસનામાં ગાળવા જોઇએ. વ્રત, ઉપવાસ, પશ્ચાત્તાપ, પ્રાર્થના, ઉપાસના, જપ, તપ વગેરે ઇશ્વરાભિમુખી પ્રવૃત્તિઓમાં ગાળવા જોઇએ. ખરા દિલથી સન્માર્ગે લઇ જનારી પ્રતિજ્ઞાઓ લેવી જોઇએ અને હંમેશાં તેનું પાલન કરવાનું ધ્યાન રાખવું જોઇએ. પ્રભુને પ્રાર્થના કરવી કે હે પ્રભુ! મને હમેશાં સન્માર્ગે ચલાવજે.

असतो मा सद्गमय ।
तमस्ते मा ज्योतिर्गमय ।
मृत्योर्मामृतं गमय ।

આત્મનિરીક્ષણ માણસને ઉન્નત બનાવનાર એક અત્યંત અદ્ભુત વસ્તુ છે. રાત્રે સૂતી વખતે આખા દિવસના કાર્યોનું સારી રીતે નિરીક્ષણ કરો. આખા દિવસમાં તમે શું સારૂં કામ કર્યું? કોની સાથે સદ્વ્યવહાર કર્યો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોનું દિલ દુખાવ્યું ? કેટલું અને કયાં અસત્ય બોલ્યા ? કોની ઉપર ક્રોધ કર્યો ? કોની સાથે દ્વેષ કર્યો ? વગેરે સઘળી વાતો ઉપર ન્યાયપરાયણ સમાલોચકની માફક ગંભીર દૃષ્ટિ કરી જાઓ. તમારે હાથે કોઇ સારૂં કાર્ય થયું હોય તો તે માટે પ્રભુનો પાડ માનો. એ તમારા મહાન્ સદ્‌ભાગ્યની વાત છે. આખા દિવસમાં તમારાથી જે જે ખરાબ કાર્ય થયા હોય તે માટે ખરા દિલથી પશ્ચાત્તાપ કરો અને ભવિષ્યમાં એવું ન કરવાની પ્રભુની સમક્ષ પ્રતિજ્ઞા લ્યો.

જો નકામા વાર્તાવિલાપ, બિનજરૂરી સભાઓ, નાટક સિનેમા વગેરે સ્થળે જઇને અથવા હલકા મિત્રમંડળમાં રહીને સમય બરબાદ કર્યો હોય તો તે માટે ખરા દિલથી પશ્ચાત્તાપ કરો અને ભવિષ્યમાં એ પ્રમાણે એક ક્ષણ પણ ન ખોવાની પ્રતિજ્ઞા કરો. વિચાર કરો કે તમારૂં શું કર્તવ્ય છે ? તમે એનું કયાં સુધી પાલન કરો છો ? તમારી અંદર શું ખરાબ વસ્તુઓ ભરી છે ? એને બહાર કાઢવાનો કેટલો પ્રયત્ન કરો છો ? તેમાં કયાં સુધી સફળતા મળી છે ? તમારી અંદર કયા કયા સદ્‌ગુણોની ખામી છે ? એ રીતે તમે જોશો કે થોડા સમયમાં જ તમને ઘણો લાભ થશે. ધીમે ધીમે તમારી અનેક કુટેવો દૂર થશે, સદ્‌ગુણોનો વિકાસ થશે, ઘણી નકામી ચિંતાઓ ઓછી થશે, તમે ઉન્નતિના માર્ગે આગળ આગળ વધતા રહેશો ને કાર્ય કરતા હશો તે ખૂબ વિચારપૂર્વક કરતા હશો. આત્મોન્નતિનું એ સર્વોતમ સાધન છે.

આ સઘળા નિયમોનું ખૂબ સાવધાનીપૂર્વક પાલન કરો. એ નિયમો પ્રત્યેક મનુષ્યના લાભ માટે જ છે, પરંતુ જો ઇશ્વરી આજ્ઞાઓ જેનું અક્ષરશઃ પાલન જરૂરી છે. પ્રત્યેક વ્યક્તિએ એ યથાશક્તિ તે નિયમોનું પાલન કરવું જોઇએ એનું તાત્પર્ય એટલું જ છે કે વધારેમાં વધારે સમય પ્રભુસેવાર્થે ગાળવો અને જીવનને પવિત્ર બનાવવું. આપણે ધારીએ તો તેમાં થોડાઘણો ફેરફાર કરી શકીએ છીએ. એકાદ નિયમ ઓછો વધારે કરી શકીએ; પણ આપણા લક્ષ્યને કોઇપણ સ્થિતિમાં ન ભૂલવું.

( સંપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुभाषित मौक्तिकमाला.

जिह्वा रसवती यस्य, भार्या रूपवती सती ।
लक्ष्मीस्त्यागवती यस्य, सफलं तस्य जीवनम् ॥

* * *

જેની જીહ્વા રસવતી અર્થાત મિષ્ટભાષા વદનારી હોય, જેની સ્ત્રી રૂપવાન અને સતીત્વ ગુણવાલી હોય, અને જેની લક્ષ્મી ત્યાગવતી અર્થાત દાનમાં અપાતી હોય તેનું જીવન સફલ છે.

* * *

ફળ વિનાના વૃક્ષને કોઇ નથી ચાહતું તેવી જ રીતે મનુષ્ય જીવનરૂપ વૃક્ષને જો ઉપર જણાવ્યા મુજબના ફળ પ્રાપ્ત થયા હોય તો જ તે વૃક્ષને સફળ કહી શકાય. અત્ર સુભાષિતકારે ત્રણ બાબતો ફળરૂપ જણાવી છે તેને આપણે સ્હેજ વિસ્તારથી અવલોકીએ.

* * *

જીભ તો આપણને સર્વને અને પશુઓ સુદ્ધાંને પ્રાપ્ત થયેલ છે, પરંતુ મિષ્ટ વદનારી જીભ બહુ ઓછી જણાય છે. સુભાષિતકારો તો જણાવે છે કે **वचने का दरिद्रता ?** વચનમાં શા માટે દરિદ્રતા રાખવી જોઇએ ? પરંતુ આ ઉત્તમ સૂત્રનું ખરું હાર્દ બહુ ઓછા મનુષ્યો સમજતા હોય છે. પરિણામે જીભે વાવેલા કાંટાઓ મનુષ્યોને સહન કરવા પડે છે. જે શસ્ત્રથી બચી શકાય છે તે જ શસ્ત્ર જો વાપરતાં ન આવડે તો પોતાના જ જીવનનાશને માટે થાય છે. જીભને માટે પણ તેવું જ છે. જો ધારીએ તો તેના દ્વારા ઘણું સાધી શકીએ છીએ. અનેક મિત્રો કરી શકીએ છીએ. ગુણી જનોના ગુણાનુવાદ ગાઇ તે માર્ગે આગળ વધી શકાય છે–ઈત્યાદિ કામો બની શકે છે; જ્યારે તેથી વિરુદ્ધ જો જીભને છૂટી મૂકી તેનો દુરૂપયોગ થાય તો મહાઅનર્થ ઉત્પન્ન થાય છે. પગલે પગલે કાંટા વેરાય છે, અનેક શત્રુઓ ઉત્પન્ન થાય છે. અનેક જૂઠી સાક્ષીઓ, અસત્યો, અર્ધસત્યો બોલાય છે, આળ મૂકાય છે, કટુ વાક્યો, મર્મઘાતક વાક્યો ઉચ્ચારાય છે. આવા અનેક દુર્ગુણો પણ તેનાથી થઇ શકે છે, છૂટી મૂકેલી જીભ દુશ્મનની ગરજ સારશે અને સર્વનાશને નોતરશે એ નિઃસંશય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જીભ આદેશ કરે છે અને તાત્કાલિક યુદ્ધ બંધ થાય છે, અને તેને સ્થાને સુલેહનો શ્વેત ધ્વજ ફરકે છે. બીજી જીભ આદેશ કરે છે અને તુરતજ સુલેહભર્યા શાંતિના વાતાવરણમાં યુદ્ધની નોબતો ગડગડે છે. સુલેહના દૂતરૂપ શ્વેત ધ્વજને ઉખેડી નાખવામાં આવે છે. એક જીભ હુકમ કરે છે અને કેટલા ય ફાંસીને માંચડે લટકે છે. બીજી જીભ આદેશ કરે છે અને કેટલાય જીવો કસાઇની કાતીલ છુરી તળેથી છૂટા થાય છે. આ સર્વ જીહ્વા બાઇના પ્રતાપ છેને? માનવ દેહની ટુંકીસી જિંદગીમાં જીભનો આવો દુરુપયોગ કયો સુજ્ઞ જન ઇચ્છે ભલા?

અષ્ટ પ્રવચનમાતામાં જીવ વિષે બે વખત ઉલ્લેખ આવે છે (ભાષાસમિતિ અને વચનગુપ્તિ) એ શું સૂચવે છે? ખૂબ વિચારીને, હિતકારી, પરિમિત, મિષ્ટ એવું જ વાક્ય વદો. કાણાને પણ કાણો ન કહો; કારણ કે—

કાણાને કાણો કહ્યે, કડવા લાગે વેણ;
ધીરે ધીરે પુછીએ, કેમ ગયા તુજ નેણ?

શાસ્ત્રજ્ઞ પુરુષો તો સાચું હોય છતાં કડવું અને પરિણામે અહિતકર હોય તો તેવા સાચાને પણ અસત્યની કોટીમાં મૂકે છે. આ આદેશ ખૂબ વિચારણીય છે. વચનના ઘા તલ્વારના ઝાટકાથી વધુ સાલે છે, અને તેની સાથે ઉગ્ર કર્મબંધ પડાવે છે. જૈન કથાનુયોગમાં એક કથા આવે છે. તેનું તાત્પર્ય એ છે કે પુત્ર ક્ષુધાતુર થયે થકો ઘરમાં આવે છે ત્યારે માતા હાજર નથી, જ્યારે માતા બહારથી આવે છે ત્યારે ક્રોધાંધ પુત્ર માતાને કહે છે કે તું ક્યાં શૂળીએ ચડી હતી કે જેથી અત્યાર સુધી ઘેર ન આવી? ક્રોધાંધ બનેલી માતાએ પણ તેવો જ પ્રત્યુત્તર આપ્યો કે તારા હાથ ક્યાં કપાઇ ગયા હતા કે જેથી છીંકામાં મૂકેલું ભોજનપાત્ર ન લઇ શકયો! બસ! આટલા જ ઉગ્ર શબ્દો અને તેના પરિણામે બીજા ભવમાં તે બન્ને પતિ-પત્નીના સંબંધે ઉપજે છે. અને નિમિત્ત પામીને હાથ કપાવાનું, શૂળીએ ચડવાનું ખરેખર જ બને છે. આ છૂટી મૂકેલી જીભના ફળ છે. સારાંશ કે જીભ રસવતી અર્થાત્ મિષ્ટ વદનારી હોય તેનું જીવન સફળ છે એ યથાર્થ જ છે.

* * *

સૌંદર્ય સર્વને પ્રિય હોય છે. કોઇને કુરૂપતા પસંદ નથી હોતી. સૌંદર્યમાં કુદરતી રીતે જ આકર્ષણ રહેલું છે, તેથી પ્રત્યેક મનુષ્ય તે તરફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકર્ષાય છે. લગ્ન પહેલા કન્યા કેવી રૂપાળી છે એ જોવા સૌ ચાહે છે. કુમારીકા પણ પોતાનો ભાવિ પતિ સ્વરૂપવાન હોય તેમ ચાહે છે, પરંતુ કુદરતી રીતે જ પુરુષદેહની રચના જ એવી છે કે તેમાં કોમળતાના, સૌંદર્યના અંશ ઓછા છે; જ્યારે કઠોરતા વિશેષ છે. તેથી વિરુદ્ધ સ્ત્રીઓમાં કોમળતા, સૌંદર્ય, નમ્રતા વિગેરે વિશેષ પ્રમાણમાં હોય છે. તેમાં પણ સૌંદર્ય ગુણ સ્ત્રીઓને સહજ પ્રાપ્ત હોય છે, અને તેથી જ જગત પર તેનું પ્રભુત્વ વિશેષ જોવાય છે. રાજકારણમાં મહત્ત્વના ફેરફારો થયા હોય તો તેમાં સ્ત્રી સૌંદર્ય કારણભૂત છે. તેથી એકલું સૌંદર્ય ત્યાજ્યની કોટિમાં આવી જાય છે. એકલા રૂપે તો મહા અનર્થો ઉપજાવ્યા છે, એ વાત ઇતિહાસના અભ્યાસીઓથી છાની નથી. રાણી કલીઓપેટ્રા જેવા કેટલા ય દાખલાઓ એ વાતની સાક્ષી પૂરે છે. તેથી રૂપવાન અને શીલવાન એવી સ્ત્રી જેને ઘેર વસતી હોય તેને ત્યાં સાક્ષાત લક્ષ્મી વસે છે એમ જાણો તેને ત્યાં નિત્યોત્સવ હોય છે.

* * *

લક્ષ્મી તો અનેકને પ્રાપ્ત થાય છે, પરંતુ ત્યાગ ગુણ–દાન ગુણ વિનાની એકલી લક્ષ્મી શ્લાઘ્ય–પ્રશંસાપાત્ર નથી. મમ્મણશેઠને ત્યાં અનર્ગળ દ્રવ્ય હતું, જેને નીરખી શ્રેણિક રાજા પણ આશ્ચર્ય પામ્યા હતા, પરંતુ તે ધન કામનું શું ? જેનો માલીક તેલ–ચોળા ખાઇને રહેતો હોય, ભયાનક અંધારીરાત્રીએ, વરસતા વરસાદમાં જે મનુષ્ય નદીના પુરમાં તણાઈ આવેલા કાષ્ઠ લેવા નદીમાં પડતો હોય, એવા કૃપણ મનુષ્યની લક્ષ્મી પુત્રી સદૃશ. પરના ઉપભોગને માટે જ સરજાએલી હોય છે ને ? તેથી જ જે લક્ષ્મી દાનવતી હોય તે જ પ્રશંસનીય છે.

દાન ગુણથી કર્ણ, વિક્રમ, ભોજ વિગેરે આજે પણ લોક જીહ્વાગ્રે રમી રહ્યા છે, એ દાનનો પ્રતાપ સૂચવે છે.

લોકોત્તર પુરુષ શ્રી જિનેશ્વરદેવો પણ દીક્ષા ગ્રહણ પહેલા એક વર્ષ પર્યંત દરરોજ અઢળક દાન દઈ, જગતનું દારિદ્ર ચૂરી ત્યાગને પુનિત પંથે પદાર્પણ કરે છે; અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પણ ચાર પ્રકારના ધર્મો પ્રકાશે છે, જેમાં દાનધર્મ અગ્રસ્થાન હોય છે કે જેના પ્રતાપે દાતા અને લેનાર બન્નેનું શ્રેય થાય છે. આવી જેની લક્ષ્મી હોય તેજ શ્લાઘ્ય છે–તે જ પ્રશંસનિય છે. અને તે જ વંદનીય છે.

ઉપરની ત્રણે બાબતો જેને અનુકૂળ હોય તેનું જીવન સાર્થક–સફળ હોય તેમાં શું નવાઇ ? રાજપાળ મગનલાલ વ્હોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચર્ચા પત્ર

જગતમાં પ્રસિદ્ધ છે કે પાણીને બાચકા ભરવા અથવા ડૂબતો માણસ તણખલાને હાથ મારે એ જ મુજબ સંવત્સરીને નામે શાસ્ત્રાર્થ કરવા બહાર પડેલા મહેરબાનો તેમાં કાંઈ કરી શકયા નહીં એટલે હવે આમ તેમ હાથ મારી, પ્રપંચ સેવી મનમાન્યા ગપગોળા હાંકયા જાય છે–તે પણ નનામા અથવા તો બનાવટી કે ભલતા નામોથી ! માટે આમ જનતા અને ખાસ કરી જૈન જનતાની જાણ માટે જાહેર કરવાનું કે–જયભારતના તા. ૧૫ જુલાઇના અંકમાં ત્રીજા પાને “ આ. વિજયવલ્લભસૂરિ ” ના હેડીંગથી જે કાંઇ લખવામાં આવ્યું છે તે બિનપાયાદાર હોઇ ધ્યાનમાં લેવા લાયક નથી. આચાર્ય વિજયવલ્લભસૂરિજી પોતાના તારીખ ૬ મે. ના “ મુંબઇ સમાચાર ” માં જાહેર થયેલ નિવેદન ઉપર મક્કમ છે અને તે મુજબ પોતે ગુરૂવારની જ સંવત્સરી કરવાના છે. તા. ૨૦–૭–૩૭ લી.

રતીલાલ બેચરદાસ શાહ
બજાર–ખંભાત

---

## સંવત્સરીને અંગે એક જરૂરી ખુલાસો.

મુંબઇ સમાચારના તા. ૧૭મી જુલાઇ ૧૯૩૭ના શનિવારના અંકમાં “ જૈનચર્ચા ” ના લેખક “ જૈન ” ઉપાધિધારકે “ જૈન ચર્ચા ”ના ત્રીજા કોલમમાં નીચે પ્રમાણે લખેલ છે.

( ૨ ) “ આચાર્ય શ્રીવિજયનીતિ સૂરિજીએ, આચાર્ય શ્રી વિજયનેમિ સૂરિજીએ, આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિજીએ, આચાર્ય શ્રી વિજયદાન સૂરિજીએ, આચાર્ય શ્રી વિજયસિદ્ધિ સૂરીશ્વરજીએ, આચાર્ય શ્રી વિજયપ્રેમ સૂરિજીએ, આચાર્ય શ્રી વિજયરામચંદ્ર સૂરિજીએ, વિગેરે એ સંવત ૧૯૮૯ માં પાંચમનો ક્ષય માન્યો હતો અને ભાદરવા સુદ ૪ ને શુક્રવારે સંવત્સરી કરી હતી.

( ૪ ) સંવત ૧૯૫૨માં પણ પાંચમનો ક્ષય હતો ત્યારે આચાર્ય શ્રી વિજયાનંદ સૂરિજીના સંઘાડાએ પાંચમનો ક્ષય માન્યો હતો. તે માનનારમાં વિજયવલ્લભ સૂરિજી પણ હતા.

( ૬ ) સંવત ૧૯૫૨માં પાંચમનો ક્ષય ચંડાંશુ ચંડુ પંચાંગ પ્રમાણે હતો જ. હાલમાં શ્રી વિજયવલ્લભસૂરિજીએ વડોદરામાં ૧૬–૬–૩૭ ના દિને કહ્યું છે તેમ તે વખતે બીજા પંચાંગોમાંના કેટલાકમાં છઠનો ક્ષય હતો. તે જાહેર કરનાર શ્રી પંન્યાસજી ગંભીરવિજયજી મહારાજ હતા અને તેઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છઠનો ક્ષય માન્યો હતો પણ શ્રી વિજયાનંદ સૂરિજીના સંઘાડાએ અને શ્રી વિજયસિદ્ધિસૂરિજીએ પાંચમનો ક્ષય ચંડાશુ ચંડુ પ્રમાણે રાખી પર્યુષણ પર્વના આઠ દિવસોમાં કોઇ ફેરફાર કર્યો ન હતો. ”

આ બાબત સત્યથી તદ્દન વેગળી છે. જૈન સમાજમાં માનનીય ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી પ્રસિદ્ધનામ આત્મારામજી મહારાજના સંઘાડાના સુપ્રસિદ્ધ આચાર્યશ્રી વિજયકમળસૂરિજી મહારાજ, ઉપાધ્યાયશ્રી વીરવિજયજી મહારાજ, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, શાંતમૂર્તિશ્રી હંસવિજયજી મહારાજ આદિ સર્વ સાધુઓએ સ્વર્ગવાસી ગુરૂદેવની આજ્ઞા મુજબ સંવત ૧૯૫૨ માં ભાદરવા શુદિ છઠનો જ ક્ષય માન્યો હતો. પાંચમનો ક્ષય કોઈએ પણ માન્યો ન્હોતો. તે સમયે અમોએ પોતે પણ એ જ રીતે ભાદરવા શુદિ છઠનો જ ક્ષય માન્યો હતો; પાંચમનો નહિં. જૈન ચર્ચાના લેખકે લખેલા આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી, આચાર્યશ્રી વિજયનેમિસૂરિજી, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી, આચાર્યશ્રી વિજયદાનસૂરિજી, આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરિશ્વરજી, આચાર્યશ્રી વિજયપ્રેમસૂરિજી, આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરિજી વગેરે તમામ સાધુઓએ સંવત ૧૯૮૯ માં પણ સંવત ૧૯૫૨ ની માફક ભાદરવા શુદિ છઠનો જ ક્ષય માન્યો હતો; પાંચમનો તો નહીં જ.

મતલબ કે, આજ સુધીમાં તપગચ્છના કોઇ પણ આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ પ્રવર્તક, ગણી કે સામાન્ય સાધુએ ભાદરવા શુદિ પાંચમનો ક્ષય કોઈ વખતે પણ માન્યો નથી એ નિર્વિવાદ વાત છે. જો કે ૧૯૫૨ માં જોધપુરી ચંડુ પંચાંગમાં ભાદરવા શુદિ પાંચમનો ક્ષય હતો પણ તપગચ્છની પરંપરા મુજબ તિથિનો ક્ષય ન જ થઇ શકે આ કારણને લઇ કેટલીક ચર્ચા ઉપસ્થિત થઇ હતી. અંતે ઘણા બીજા અન્ય પંચાંગોમાં છઠનો ક્ષય હોવાથી એકલા ચંડુ પંચાંગને માન ન આપી સકળ શ્રી તપગચ્છના અનુયાયીઓએ અન્ય બીજા પંચાંગોના આધારે ભાદરવા શુદિ છઠનો જ ક્ષય માન્યો હતો અને એ જ પ્રમાણે સંવત ૧૯૮૯ માં પણ ચંડાંશુ ચંડુને જ માન ન આપતાં બીજા અન્ય પંચાંગોને માન આપી ભાદરવા શુદિ છઠનો જ ક્ષય માનવામાં આવ્યો હતો; પાંચમનો નહીં.

તા. ૧૮-૫-૩૭
ખંભાત—અંબાલાલ પાનાચંદ
જૈન ધર્મશાળા.

વિજયવલ્લભસૂરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છેલ્લા પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વસુદેવહિંડિ. પ્રથમ ભાગ. .... .... | ૩-૮-૦ |
| ૨ | શ્રી વસુદેવ હિંડિ પ્રથમ ભાગ દ્વિતીય અંશ .... | ૩-૮-૦ |
| ૩ | શ્રી બૃહત્ કલ્પસૂત્ર ( છેદસૂત્ર ) પ્રથમ ભાગ .... | ૪-૦-૦ |
| ૪ | શ્રી બૃહત્ કલ્પસૂત્ર ( છેદસૂત્ર ) દ્વિતીય ભાગ .... | ૬-૦-૦ |
| ૫ | શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ .... | ૨-૦-૦ |
| ૬ | શ્રી જૈન મેઘદૂત .... .... .... .... | ૨-૦-૦ |
| ૭ | શ્રી ગુરૂતત્ત્વ વિ૦ નિશ્ચય .... .... .... | ૩-૦-૦ |
| ૮ | ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતકા .... .... .... | ૦-૪-૦ |
| ૯ | યોગદર્શન તથા યોગવિંશિકા .... .... .... | ૧-૮-૦ |
| ૧૦ | ચેઇયવંદણ મહાભાસં .... .... .... | ૧-૧૨-૦ |

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ **શ્રી સામાયિક સૂત્ર,** મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂ. ૦-૨-૬

૨ **શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ** ,, ,, રૂ. ૦-૧૦-૦

૩ **શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર** ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ) રૂા. ૧-૪-૦ રૂા. ૧-૧૨-૦.

૪ **શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ.** રૂા. ૦-૨-૦

૫ **શ્રી શત્રુંજય તીર્થ** વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ પૂજા સાથે. રૂ ૦-૪-૦

૬ **શ્રી તીર્થંકર ચરિત્ર.** ( ભાષાંતર ) રૂા. ૦-૧૦-૦

૭ **શ્રી વીશ સ્થાનક પદ પૂજા** ( અર્થ, વિધિ-વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂા. ૦-૧૨-૦

## છપાતાં ગ્રંથો.

૧ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ

૨ શ્રી ગુણચંદ્રસૂરિકૃત **શ્રી મહાવીર ચરિત્ર.** ભાષાંતર

૩ **પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.**

૪ **શ્રી બૃહત્કલ્પ** ત્રીજો ચોથો ભા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431

## શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ.

પૂજ્યપાદ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જન્મ શતાબ્દિના સ્મરણાર્થે આ ગ્રંથના પ્રકાશનમાં અનેક જૈન, જૈનેતર ને પાશ્ચિમાત્ય વિદ્વાનોના વિદ્વત્તાપૂર્ણ લેખો આપી આ ગ્રંથને અપૂર્વ બનાવ્યો છે, તેમજ છપાઇ, ફોટાઓ, બાઈંડીંગ વગેરે કાર્ય–ગ્રંથની સુંદરતામાં વધારો કરે છે. આ ગ્રંથના વિષયો ચાર વિભાગમાં વહેંચાયેલ છે.

| | |
|---|---|
| ૧ ઇંગ્લીશ લેખો ૩૫ | પૃષ્ઠ ૧૯૦ |
| ૨ હિંદી લેખો ૪૦ | પૃષ્ઠ ૨૧૭ |
| ૩ ગુજરાતી શ્રી આત્મારામજી મહારાજ વિષયક લેખો ૨૬ | પૃષ્ઠ ૧૪૪ |
| ૪ ગુજરાતી ઇતર વિષયક લેખો ૩૨ | પૃષ્ઠ ૧૬૦ |

મુનિમહારાજો, વિદ્વાનો, લેખકો અને ઐતિહાસિક સ્થળોના **આશરે દોઢસો ફોટાઓ** સુંદર આર્ટ પેપર ઉપર આવેલ છે; છતાં પ્રચાર અર્થે, મુદ્દલ કરતાં અધી કીંમત રૂા. ૨–૮–૦ રાખેલ છે. એક ગ્રંથનું વજન આશરે પાંચ રતલ હોવાથી બનતાં સુધી રેલ્વે પારસલદ્વારા જ મંગાવવા કૃપા કરવી.

મળવાનું સ્થળ:—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

## શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

### ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

---

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only